Extra No. 308

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, AUGUST 19, 2025 / SRAVANA 28, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ-ના તારીખઃ ૭મી જૂન, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૬૮/૨૦૨૪/એસબી-૧/એસએસએ/૧૦૨૦૧૦/૧૦૮૨.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Private Security Agencies (Regulations) Rules, 2024.

ગુજરાત ખાનગી સલામતી એજન્સી (નિયમન) નિયમો, ૨૦૨૪ સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જૂન, ૨૦૨૪

ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીજી/૬૮/૨૦૨૪/એસબી-૧/એસએસએ/૧૦૨૦૧૦/૧૦૮૨:- ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫-ના ૨૯મા)ની કલમ ૧૧ સાથે વાંચતા, કલમ ૨૫-ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ગુજરાત ખાનગી સલામતી એજન્સી નિયમો, ૨૦૦૭ રદ કરીને, એવી રીતે રદ થયા પહેલા કરેલી અથવા કરવાની પડતી મુકેલી અમુક બાબતોના સંબંધમાં હોય તે સિવાય, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ,-

(૧) આ નિયમો, ગુજરાત ખાનગી સલામતી એજન્સી (નિયમન) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫;

(ખ) "એજન્સી" એટલે ખાનગી સલામતી એજન્સી અથવા રોકડ-નાણાની હેરફેરના કામકાજ માટેની ખાનગી સલામતી;

(ગ) "એટીએમ" એટલે કોઈપણ બેંકનો ખાતેદાર તેમાં બેંક કાર્ડ દાખલ કરે, ત્યારે રોકડ આપે અથવા બીજી બેંકની સેવાઓ બજાવે તેવું ઓટોમેટેડ ટેલર મશીન.

સ્પષ્ટીકરણ: આ ઉપરના ખંડના હેતુ માટે, "બેંક કાર્ડ" માં અધિકૃત બેંકે કાઢી આપેલ ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડનો સમાવેશ થાય છે.

(ઘ) "રોકડ નાણા સંચાલન એજન્સી"," રોકડ નાણા પુન:પ્રાપ્તિ એજન્સી" અથવા "રોકડ નાણા ટ્રાંઝિટ એજન્સી" એટલે રોકડ નાણાની હેરફેરના કામકાજમાં રોકાયેલી, કોઈપણ નામે ઓળખાતી, કોઈપણ એજન્સી અથવા સંસ્થા;

(ચ) "રોકડ નાણાના હેરફેરાની પ્રવૃતિ" એટલે બેંક નોટ્સ, સિક્કાઓ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ જેવી રોકડ નાણાની અથવા બીજી મૂલ્યવાન વસ્તુઓની એક સ્થળેથી બીજા સ્થળે પ્રત્યક્ષ તબદીલી અને તેમાં એટીએમ મશીનમાં નાણા જમા કરવાની અથવા તેમાંથી નાણા પરત ખેંચવાની (બાબત)નો સમાવેશ થાય છે;

(છ) "નિયંત્રક સત્તાધિકારી" એટલે અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ આવી રીતે મુકરર કરેલ નિયંત્રક સત્તાધિકારી;

(જ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલ નમૂનો;

(ઝ) "ખાનગી સલામતી રક્ષક" એટલે ઔદ્યોગિક એકમોને, વાણિજિયક એકમોને અને બીજા સ્થળોએ હથિયારો સાથે અથવા તે સિવાય ખાનગી સલમાતી પૂરી પાડતી વ્યક્તિ અને તેમાં સુપરવાઈઝરનો સમાવેશ થાય છે;

(ટ) "લાઈસન્સ" એટલે અધિનિયમ હેઠળ આપેલ લાઈસન્સ;

(ઠ) "પોર્ટલ" એટલે ભારત સરકારના ગૃહ મંત્રાલયની અધિકૃત વેબસાઈટ પર ઉપલભ્ય ઓનલાઈન પોર્ટલ https://psara.gov.in/

(ડ) "ખાનગી સલામતી" અથવા "ખાનગી સલામતી એજન્સી" નો અર્થ, અધિનિયમની કલમ ૨-ના ખંડ (છ) અથવા ખંડ (જ)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે;

(ઢ) "નિવાસી સલામતી રક્ષક" એટલે સહકારી આવાસન મંડળી, અપાર્ટમેન્ટ્સ, વ્યક્તિગત નિવાસો વગેરેને હથિયારો સાથે અથવા તે સિવાય સલામતી પૂરી પાડતી વ્યક્તિ અને તેમા સુપરવાઈઝરનો સમાવેશ થાય છે;

(ણ) "અનુસૂચિ" એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ;

(૨) આ નિયમોમાં વ્યાખ્યાયિત ન કરેલા પરંતુ અધિનિયમમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેનો અનુક્રમે જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૩. લાઈસન્સની મંજૂરી માટે અરજી કરવાની રીત.-

(૧) અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ લાઈસન્સની મંજૂરી માટેની દરેક અરજી એજન્સીએ, અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૨)માં સમાવિષ્ટ જોગવાઈઓના સંબંધમાં વિગતો દર્શાવતા નમૂના ૧૦માં સોગંદનામા સાથે ઓનલાઈન પોર્ટલ ઉપર ઉપલભ્ય નમૂના ૧-માં, નિયંત્રણ સત્તાધિકારીને કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ દરેક અરજી, અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૩) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નિયંત્રણ સત્તાધિકારીને ચૂકવવાપાત્ર ફી-ની ચુકવણી દર્શાવતા ઈલેક્ટ્રોનિક પુરાવા સાથેની હોવી જોઈશે.

(૩) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ દરેક અરજી, ઓનલાઈન પોર્ટલ મારફત નિયંત્રણ સત્તાધિકારીને કરવી જોઈશે.

(૪) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ અરજી મળ્યેથી, નિયંત્રક સત્તાધિકારી પોતે તેના પર અરજી મળ્યાની તારીખની નોંધ કર્યા પછી, અરજદારને ઈ-પાવતી આપવી જોઈશે.

(૫) અરજદાર, કંપની, પેઢી અથવા વ્યક્તિઓનું એસોસિયેશન હોય, તો નમૂના ૧માં-ની અરજી સાથે, કંપનીના દરેક માલિક અથવા બહુમતી શેરધારકોએ, ભાગીદાર અથવા ડિરેક્ટર માટે, જાણે કે તેઓ પોતે પણ અરજદાર હોય તેમ, નમૂનો ૨ જોડવો જોઈશે.

૪. અરજદારોના પૂર્વ-ઈતિહાસની ખરાઈ.-

(૧) નવા લાઈસન્સ માટે અથવા લાઈસન્સ તાજું કરવા માટેની નિયંત્રણ સત્તાધિકારીને અરજી કરતી વખતે દરેક અરજદારે, પોતાના પૂર્વ-ઈતિહાસની ખરાઈ માટે, નમૂનો ૨ સાથે જોડવો જોઈશે. અરજદાર, કંપની, પેઢી અથવા વ્યક્તિઓનું એસોસિયેશન હોય, તો અરજીની સાથે, કંપનીના દરેક માલિક અથવા બહુમતી શેરધારકો, ભાગીદાર અથવા ડિરેક્ટર માટે, જાણે કે તેઓ પોતે પણ અરજદાર હોય તેમ, નમૂનો ૨ જોડવો જોઈશે.

(૨) આવી અરજી મળ્યેથી, નિયંત્રણ સત્તાધિકારી, અરજીની વિષયવસ્તું અને અરજદારની વિગતોની ખરાઈ કરવા માટે પોતાને જરૂરી જણાય તેવી તપાસ કરશે.

(૩) નિયંત્રણ સત્તાધિકારી, અરજદારના પૂર્વ-ઈતિહાસની ખરાઈના હેતુ માટે ગુના અને ગુનેગારોના ઈલેક્ટ્રોનિક ડેટાબેઝ જેવા કે ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ (CCTNS), ઈન્ટર ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ (ICJS)નો ઉપયોગ કરશે.

(૪) કોઈપણ બીજા રાજ્યમાં અરજદારના પૂર્વ-ઈતિહાસની અગાઉથી ખરાઈ કરવામાં આવી હોય, ત્યારે પૂર્વ- ઈતિહાસની ફરીથી ખરાઈ કરવાનું નિયંત્રક સત્તાધિકારી માટે જરૂરી રહેશે નહિ સિવાય કે જે લાઈસન્સ માટે પૂર્વ-ઈતિહાસની ખરાઈ કરવામાં આવતી હોય તે કાયદેસરતાની મુદત હેઠળ હોય.

(૫) (૧) નિયંત્રણ સત્તાધિકારીએ, એજન્સી જ્યાં પોતાની પ્રવૃતિઓ શરૂ કરવા માંગતી હોય તે સંબંધિત જિલ્લાના પોલીસ અધીક્ષક/સંબંધિત શહેરના પોલીસ કમિશનર પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર મેળવવું જોઈશે. આ હેતુ માટે, લાઈસન્સ માટેની અરજીની નકલ અને તેના બિડાણો, પૂર્વ-ઈતિહાસની ખરાઈ માટે તેને મોકલી આપશે.

(૨) પૂર્વ-ઈતિહાસની ખરાઈના હેતુ માટે, નિયંત્રણ સત્તાધિકારીએ, તમામ બિડાણો સાથેની અરજીની નકલ, અરજદાર જ્યાં પોતાનું કામકાજ શરૂ કરવા માંગતો હોય ત્યાંના સંબંધિત પોલીસ કમિશનર અથવા યથાપ્રસંગ, પોલીસ અધીક્ષકને મોકલવા જોઈશે અને તેવા અધિકારીઓ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર મેળવવું જોઈશે.

(૩) નિયંત્રણ સત્તાધિકારીએ, અરજદાર કાયમી રહેવાસી હોય ત્યાંના સંબંધિત પોલીસ અધીક્ષક અથવા પોલીસ કમિશનર પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર પણ મેળવવું જોઈશે અને સદરહુ હેતુ માટે નિયંત્રણ સત્તાધિકારી, લાઈસન્સ માટેની અરજીની નકલ અને તેના બિડાણો, પૂર્વ-ઈતિહાસની ખરાઈ માટે મોકલશે.

(૬) પોલીસ કમિશનર અથવા યથાપ્રસંગ, પોલીસ અધીક્ષક-એ જેના નામે પૂર્વ-ઈતિહાસનો નમૂનો ભરવામાં આવ્યો હોય તે દરેક વ્યક્તિની ખરાઈ કરાવવા ઉપરાંત, નીચેની માહિતી પણ પૂરી પાડવી જોઈશે.

(૧) અરજદાર અથવા કંપનીએ અગાઉ વ્યક્તિગત રીતે અથવા બીજાઓની ભાગીદારીમાં કોઇ ખાનગી સલામતી એજન્સી ચલાવી છે કે કેમ અને તેમ હોય, તો તે અંગેની વિગતો; અને

(૨) અરજદાર કોઇ ખાસ લાયકાત અથવા કુશળતા ધરાવે છે કે કેમ, જેનાથી ખાનગી સલામતી એજન્સીનું સંચાલન સરળ બની શકે.

૫. (૧) લાઇસન્સ આપવા બાબત.- નિયંત્રણ સત્તાધિકારીએ, નમૂના ૧માં અરજી મેળવ્યા પછી, તમામ ઔપચારિકતાઓ અને અરજદારની યોગ્યતા અને જેના માટે અરજી કરેલી હોય તે કાર્યક્ષેત્રના વિસ્તાર માટે લાઇસન્સ આપવા માટેની જરૂરિયાત અંગે પણ ખાતરી પૂર્ણ કર્યા પછી, નમૂના ૩-માં ખાનગી સલામતી એજન્સીને લાઇસન્સ આપવું જોઇશે.

(૨) નિયંત્રક સત્તાધિકારી પોતે અથવા પોતાના અધિકારીઓ અથવા બીજા કોઇપણ માધ્યમો મારફતે એજન્સીએ પૂરું પાડેલ સરનામું અથવા સરનામા પર ખાનગી સલામતી એજન્સીની જગ્યાઓની સાથે, એવી ખાનગી સલામતી એજન્સીના ખાનગી સલામતી રક્ષકો અને નિરીક્ષકોને આપવામાં આવેલી તાલીમ અને કુશળતાની પણ ખરાઇ કરી શકશે.

(૩) નિયંત્રણ સત્તાધિકારી, ખાનગી સલામતી એજન્સીઓ જરૂરી તાલીમની સુનિશ્ચિતતાની શરતોનું પાલન કરી શકતી ન હોય તેવી એજન્સીઓનું લાઇસન્સ ચાલુ રાખવાની અથવા અન્યથા તેની સમીક્ષા કરી શકશે.

(૪) નિયંત્રણ સત્તાધિકારીએ, લાઇસન્સ આપ્યાના પંદર દિવસની અંદર, તેની એક પ્રત્યક્ષ નકલ પોસ્ટથી અથવા ઇલેક્ટ્રોનિકલી લાઇસન્સ આપવા માટેની અરજીમાં જણાવ્યા પ્રમાણે ખાનગી સલામતી એજન્સીની મુખ્ય કચેરીમાં મોકલવી જોઇશે અને ખાનગી સલામતી એજન્સી પોતાના કામકાજના સ્થળે તે પ્રદર્શિત કરવા બંધનકર્તા રહેશે.

(૫) નિયંત્રક સત્તાધિકારી અથવા પોલીસ ઇન્સ્પેક્ટરથી નીચેના દરજ્જાના ન હોય તેવા તેમણે મુકરર કરેલા બીજા કોઇપણ અધિકારી, દર છ મહિને ખાનગી સલામતી એજન્સીઓની તપાસ કરશે.

(૬) એજન્સીને લાઇસન્સ આપવા માટેની અરજી નામંજૂર કરવામાં આવી હોય તેવા કિસ્સામાં,

(ક) અરજદારને સુનાવણીની વાજબી તક આપવામાં આવી ન હોય; અને

(ખ) લાઇસન્સનો ઇન્કાર કરવા માટેના કારણો હુકમમાં જણાવેલા ન હોય, તો ઇન્કાર કરવા માટેનો કોઇપણ હુકમ કરવો જોઇશે નહિ.

(૭) નિયંત્રણ સત્તાધિકારીએ, તમામ તબક્કે પૂર્ણ હોય તેવી અરજી મેળવ્યાની તારીખથી સાંઠ દિવસની અંદર નમૂના ૧-માં અરજી પર હુકમ કરવો જોઇશે.

૬. લાઇસન્સ આપવા માટેની શરતો.-

(૧) લાઇસન્સદારે, નિયંત્રણ સત્તાધિકારીએ ઠરાવ્યા પ્રમાણેની ખાનગી સલામતીને લગતી તાલીમ તેમણે નક્કી કરેલી સમયમર્યાદાની અંદર સફળતાપૂર્વક લેવી જોઇશે.

પરંતુ ખાનગી સલામતી એજન્સીએ બીજા કોઇપણ રાજ્યના નિયંત્રક સત્તાધિકારી પાસેથી અગાઉથી લાઇસન્સ મેળવેલ હોય, તો લાઇસન્સદારે તાલીમ લેવી જરૂરી રહેશે નહિ.

(૨) લાઇસન્સદારે, લાઇસન્સ મળ્યાના પંદર દિવસની અંદર, નિયંત્રણ સત્તાધિકારીને એજન્સીની રચના કરતી દરેક વ્યક્તિનું નામ, માતૃપિતૃત્વ, જન્મતારીખ, કાયમી સરનામું, પત્રવ્યવહારનું સરનામું અને મુખ્ય વ્યવસાયની જાણ કરવી જોઇશે.

(૩) લાઇસન્સદારે, નિયંત્રણ સત્તાધિકારીને, એજન્સીની રચના કરતી વ્યક્તિઓના સરનામામાં કોઇ ફેરફાર અને વ્યવસ્થાપનના ફેરફારને લગતી માહિતી એવા ફેરફારના સાત દિવસની અંદર આપવી જોઇશે.

(૪) લાઇસન્સદારે, એજન્સીની રચના કરતી વ્યક્તિઓ અથવા એજન્સીએ કામે રોકેલા અથવા કામે રાખેલા ખાનગી સલામતી રક્ષક અથવા નિરીક્ષક ખાનગી સલામતી એજન્સી તરીકે તેમની ફરજોની બજવણી દરમિયાન, તેમની વિરુદ્ધ ઘડવામાં આવેલા કોઇપણ ગુનાહિત આરોપ વિશે નિયંત્રણ સત્તાધિકારીને તાત્કાલિક જાણ કરવી જોઇશે. આવી જાણ કર્યાની એક નકલ, જેની વિરુદ્ધ આરોપ ઘડવામાં આવ્યો હોય તે વ્યક્તિ રહેતી હોય ત્યાંના પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવનાર અધિકારીને પણ મોકલવી જોઇશે.

(૫) જે શરતે લાઇસન્સ આપવામાં આવ્યું હોય તે પ્રમાણે, આ નિયમોમાં ઠરાવ્યા પ્રમાણેની ખાનગી સલામતી રક્ષકો માટેના શારીરિક ધોરણોની જરૂરિયાતો અને તેમની તાલીમ દરેક લાઇસન્સદારને બંધનકર્તા રહેશે.

(૬) આ નિયમોમાં જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, લાઇસન્સ આપવા માટે ચૂકવેલી ફી બિન-રિફંડપાત્ર રહેશે.

(૭) દરેક લાઈસન્સદારે એ સુનિશ્ચિત કરવું જોઈશે કે કોઈપણ સલામતી રક્ષક અથવા સુપરવાઈઝરને, આ નિયમો હેઠળ ઠરાવ્યા પ્રમાણેની તાલીમ લીધા સિવાય, ખાનગી સલામતી એજન્સી દ્વારા પૂરી પાડવામાં આવતી કોઈપણ સલામતી સેવાઓ માટે, કામે રોકવામાં ન આવે. કોઈપણ એજન્સી, આ નિયમો પૈકીના કોઈપણ નિયમનું ઉલ્લંઘન કરતી જણાય, તો તેનું લાઈસન્સ રદબાતલ થવાને પાત્ર ગણાશે.

(૮) તાલીમ ઓછામાં ઓછા છ કામકાજના દિવસોની રહેશે. તાલીમમાં ખાસ કરીને નીચેની બાબતોનો સમાવેશ થશે.

(૧) હાલની સલામતીનો સિનેરિયો:

(ક) વીઆઈપી સલામતી

(ખ) આંતરિક સલામતી

(ગ) સંસ્થાકીય સલામતી

(૨) ખાનગી સલામતી એજન્સીની ભૂમિકા અને કાર્યો:

(ક) અગ્નિ શમન

(ખ) આપત્તિ/આપાતકાલિન વ્યવસ્થાપન પ્રોટોકોલ

(ગ) સલામતીની ફરજો

(ઘ) જુદાજુદા દસ્તીવેજોની તપાસ

(ચ) માહિતી સલામતી

(છ) એક્સેસ નિયંત્રણ

(જ) વિસ્ફોટક આઈઈડી

(ઝ) તોડફોડ વિરોધી તપાસ (Anti Sabotage Checks)

(ટ) સલામતી સંબંધી ઉપકરણો

(ઠ) સંદેશા-વ્યવહારના ઉપકરણો

(ડ) પેટ્રોલિંગ

(ઢ) જગાની ફરજો

(૩) કાનૂની જોગવાઈઓ

(ક) ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫-નો ૨૯મો) અને તેને સંબંધિત રાજ્ય નિયમો.

(ખ) સંબંધિત મજૂર કાયદા

(૪) સલામતી એજન્સીનું વ્યવસ્થાપન:

(ક) ગણવેશ

(ખ) ખાનગી સલામતી એજન્સીના કર્મચારી વર્ગની તાલીમ

(ગ) લાઈસન્સદારે નિભાવવાના દસ્તાવેજો અને રેકર્ડ

(ઘ) ડેટા શેરીંગ પ્રોટોકોલ

(૫) જાહેરજનતા, પોલીસ અને બીજા વિભાગો સાથે સંકલન

(ક) જાહેરજનતા સાથે સંકલન

(ખ) પોલીસ અને બીજા સંબંધિત સરકારી વિભાગો સાથે લાઈઝન.

(૬) ખાનગી સલામતીના કર્મચારીવર્ગએ- શું કરવું અને શું ન કરવું તે બાબતના (વર્તણૂક નિયમો)

(૯) લાઇસન્સદારે, લાઇસન્સ મળ્યાના છ મહિનાની અંદર પોતાની પ્રવૃતિઓ શરૂ કરવી જોઈશે.

(૧૦) પ્રવૃતિઓની શરૂઆતમાં, અધિનિયમની કલમ ૯ની પેટા-કલમ (૩)મા જોગવાઇ કર્યા પ્રમાણે અને નિયમ ૧૩ અનુસાર કચેરી પરિસરની સ્થાપના અને નિરીક્ષકોને કામે રોકવા તે અંગેનો, સમાવેશ થશે.

૭. લાઇસન્સ તાજું કરવા બાબત.-

(૧) દરેક એજન્સીએ લાઇસન્સ તાજું કરવા માટેની અરજી, તેની માન્યતાની મુદત પૂરી થયાની તારીખથી છ મહિના પહેલા પરંતુ લાઇસન્સ પૂરું થયાની તારીખના પીસ્તાળીસ દિવસ કરતા ઓછા ન હોય તેમ, નમુના ૧૦માં સોગંદનામા સાથે, નમૂના ૧-માં નિયંત્રણ સત્તાધિકારીને પોર્ટલ મારફત ઓનલાઇન કરવી જોઈશે.

(૨) લાઇસન્સ તાજું કરવા માટેની ફી, અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ચુકવવી જોઈશે.

(૩) નિયંત્રણ સત્તાધિકારીએ, નિયમ ૪ના પેટા-નિયમ (૩)માં ઠરાવ્યા પ્રમાણેની રીતે, અરજદારના પૂર્વ-ઈતિહાસની ખરાઇ કરવી જોઈશે.

(૪) નિયંત્રણ સત્તાધિકારીએ, ઓનલાઇન પોર્ટલ મારફત નમૂના ૧-માં અરજી મેળવ્યા પછી, પોતાને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી અને અધિનિયમની જોગવાઇઓનું પાલન કર્યા પછી, નમૂના ૩-માં લાઇસન્સ તાજું કરવા માટેની મંજૂરી આપવી જોઈશે.

પરંતુ અરજી અપૂર્ણ હોય તેવા કિસ્સામાં, નિયંત્રણ સત્તાધિકારીએ અરજી મળ્યાની તારીખથી કામકાજના સાત દિવસની અંદર તમામ પ્રશ્નો હાથ ધરવા જોઈશે.

(૫) નિયંત્રણ સત્તાધિકારીએ, નિયમ ૪-ના પેટા-નિયમ (૫)માં ઠરાવ્યા પ્રમાણે અરજદારને લાઇસન્સ તાજું કરવાના સંદર્ભમાં, સંબંધિત પોલીસ સત્તાધિકારી પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર મેળવવું જોઈશે.

(૬) પેટા-નિયમ (૧)માં જણાવેલી મુદતની અંદર લાઇસન્સ તાજું કરવા માટેની અરજી ન મળ્યાના કિસ્સામાં, લાઇસન્સની મુદત પુરી થયા પછી એજન્સીને લાઇસન્સ વિનાની એજન્સી તરીકે ગણવામાં આવશે.

(૭) લાઇસન્સ તાજું કરવા માટેની અરજી કરવાની મુદત પૂરી થયા પછી, અધિનિયમની કલમ ૭ પ્રમાણે એજન્સી નવા લાઇસન્સ માટે અરજી કરી શકશે.

(૮) લાઇસન્સ તાજું કરવા માટેની અરજી, પેટા-નિયમ (૧)માં નિયત કરેલી મુદત પછી પણ લાઇસન્સની મુદત પૂરી થયા પહેલા મળે અને નિયંત્રણ સત્તાધિકારીને અરજીમાં જણાવેલ વિલંબ માટેના કારણોની ખાતરી થાય, તો તે તેવી રીતે કાર્યવાહી કરી શકશે.

(૯) નિયંત્રણ સત્તાધિકારીએ, તમામ તબક્કે પૂર્ણ હોય તેવી અરજી મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર નમૂના ૧-માં લાઇસન્સ તાજું કરવા માટેની અરજી પર હુકમ કરવો જોઈશે.

(૧૦) તાજું કરેલ લાઇસન્સની કાયદેસરતા, અગાઉના લાઇસન્સની (મુદત) પુરી થયાની તારીખથી ગણવી જોઈશે અને તે (કાયદેસરતા) તાજું કરાવવાની તારીખને ધ્યાને લીધા સિવાય, એક પાંચ વર્ષની મુદત સુધીની રહેશે. વિદ્યમાન લાઇસન્સની મુદત પુરી થયા પછી, નિયંત્રક સત્તાધિકારી દ્વારા અરજી પર નિર્ણય લેવામાં આવે તેવા કિસ્સામાં, વચગાળાનો સમય માન્ય લાઇસન્સ હેઠળનો છે તેમ ગણાશે.

(૧૧) નિયંત્રક સત્તાધિકારી અને ખાનગી સલામતી એજન્સી, નાગરિક અથવા લશ્કરી સત્તાના કાર્યો, રાષ્ટ્રીય આપાતકાલિન, હુલ્લડો અને કુદરતી ઘટના સહિત પરંતુ તેટલે સુધી મર્યાદિત ન હોય તેવા માનવીય નિયંત્રણથી બહારના સંજોગોના કારણથી થતા વિલંબ માટે, જવાબદાર રહેશે નહિ.

૮. લાઇસન્સ તાજું કરવા માટેની શરતો.- લાઇસન્સ તાજું કરવા માટે નીચેની શરતોને અધીન રહીને મંજૂરી આપી શકાશે.

(૧) અરજદાર નિયંત્રક સત્તાધિકારીની હકૂમતમાં પોતાના કામકાજનું મુખ્ય સ્થળ ચાલુ રાખે.

(૨) અરજદાર, આ નિયમો હેઠળ ખાનગી સલામતી રક્ષકો અને સુપરવાઇઝરો માટેની જરૂરી તાલીમની ઉપલભ્યતા સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખે.

(૩) અરજદાર લાઇસન્સની શરતોનું પાલન કરવાનું ચાલુ રાખે.

૯. અપીલ અને કાર્યરીતિ.-

(૧) નારાજ થયેલ વ્યક્તિએ અથવા તેના અધિકૃત વકીલે સહી કરેલી અધિનિયમની કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળની દરેક અપીલ, નમૂના ૪માં કરવી જોઈશે અને આવા હુકમની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર ગૃહ વિભાગનો હવાલો ધરાવતા સચિવશ્રીને વ્યક્તિગત રીતે રજૂ કરવી અથવા તેઓને રજિસ્ટર્ડ ટપાલથી મોકલવી જોઈશે.

(૨) દરેક અપીલ સાથે, ગુજરાત સરકારના ગૃહ વિભાગનો હવાલો ધરાવતા સચિવશ્રીને ચૂકવવાપાત્ર રૂ. ૧૦૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ચલણ જોડવો/જોડવું જોઈશે.

૧૦. ફોટો ઓળખપત્ર.-

(૧) કલમ ૧૭ની પેટા-કલમ (૨) હેઠળ એજન્સીએ કાઢી આપેલ દરેક ફોટો ઓળખપત્ર નમૂના ૫-માં રહેશે.

(૨) ફોટો ઓળખપત્રમાં, જેને ફોટો ઓળખપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તે વ્યક્તિના સંપૂર્ણ ચહેરાની રંગીન પ્રતિકૃતિ, ખાનગી સલામતી રક્ષકનું પૂરું નામ, એજન્સીનું નામ અને ઓળખ નંબર જણાવેલા હોવા જોઈશે.

(૩) ફોટો ઓળખપત્રમાં, એજન્સીમાં વ્યક્તિનો હોદ્દો અને જ્યાં સુધી ફોટો ઓળખપત્ર માન્ય હોય તે તારીખ સ્પષ્ટ રીતે દર્શાવવા જોઈશે.

(૪) ફોટો ઓળખપત્ર અદ્યતન રાખવું જોઈશે અને વિગતોમાંનો કોઈપણ ફેરફાર તેમાં દાખલ કરવો જોઈશે.

(૫) ખાનગી સલામતી રક્ષકને કાઢી આપવામાં આવેલ ફોટો ઓળખપત્ર, ફોટો ઓળખપત્ર કાઢી આપતી એજન્સી તેને કામે રોકવાનું અથવા રાખવાનું બંધ કરે, ત્યારે તે એજન્સીને પરત કરવું જોઈશે.

(૬) ફોટો ઓળખપત્ર ખોવાઈ જવા અથવા ચોરાઈ જવાની બાબત, તે કાઢી આપનાર એજન્સીને તરત જ ધ્યાને લાવવી જોઈશે.

૧૧. એજન્સીએ નિભાવવાનું રજિસ્ટર.- રજિસ્ટર, એજન્સી દ્વારા નમૂના ૬-માં ઈલેક્ટ્રોનિક રીતે નિભાવવું જોઈશે.

૧૨. એજન્સીના ખાનગી સલામતી રક્ષક અને સુપરવાઈઝર-ના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસની ખરાઈ.-

(૧) કોઈપણ એજન્સીએ, રોકડની લેવડદેવડ માટે, તેણે કોઈ ખાનગી સલામતીના કર્મચારીને નોકરીએ રાખતા અથવા તેને કામે રોકતા કે રાખતા પહેલાં, તેના પૂર્વ-ઈતિહાસની સંપૂર્ણ તપાસ અને તેની યોગ્ય KYC ખરાઈ તથા પોલીસ તપાસ થઈ હોય તે સિવાય, અધિનિયમની જોગવાઈઓ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ અન્ય કાયદા અનુસાર આવા કર્મચારીને નોકરીએ રાખવા જોઈશે નહિ અથવા તેને કામે રોકવા કે રાખવા જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ પેટા-નિયમના હેતુઓ માટે, "KYC" એ શબ્દપ્રયોગ એટલે કોઈ એજન્સી અથવા વ્યવસાય-ની, તેની સાથે જોડાયેલા/જોડાયેલી અથવા તેમાં જોડાવાના અસીલો (ગ્રાહકો) અથવા વ્યક્તિ-ની ઓળખ કરવાની અને ઓળખની ખરાઈ કરવાની "know your customer (નો યોર કસ્ટમર-તમારા ગ્રાહકને ઓળખો)" કાર્યવાહી.

(૨) દરેક એજન્સી, કોઈ વ્યક્તિને, રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે કામે રાખતા અથવા રોકતા પહેલાં, નીચેની તપાસ (ચકાસણી) કરવાને જવાબદાર રહેશે:-

(ક) પોલીસ મંજૂરીપત્ર - કામે રહ્યા અથવા રોકાયા પહેલાં દરેક વ્યક્તિએ, તેના સ્થાનિક પોલીસ સ્ટેશનેથી પોલીસ મંજૂરીપત્ર મેળવવો જોઈશે;

(ખ) રહેઠાણની ખરાઈ - એજન્સીએ, દરેક વ્યક્તિના રહેઠાણના સરનામે વાસ્તવિક સામાન્ય વર્તનની તપાસ સહિતની ખરાઈનું આયોજન કરવા માટે તેની પોતાની સાધનસામગ્રીનો ઉપયોગ કરવો જોઈશે અને વ્યક્તિએ, સલામતી એજન્સીને રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ માટે કામે રહ્યાના અથવા રોકાયાના ઓછામાં ઓછા પાંચ વર્ષ પહેલાંનો રહેઠાણના સરનામાનો પુરાવો રજૂ કરવો જોઈશે;

(ગ) અગાઉના માલિક (સાથેના સંબંધની) તપાસ - એજન્સીએ, વ્યક્તિના અગાઉના માલિક, કોઈ હોય તો, તેમની સાથેના સંબંધની તપાસનું આયોજન કરવા માટે તેની પોતાની સાધનસામગ્રીનો ઉપયોગ કરવો જોઈશે;

(ઘ) આધાર ખરાઈ - રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓમાં કામે રખાયેલી અથવા રોકાયેલી દરેક વ્યક્તિના પૂર્વ-ઈતિહાસની ખરાઈ, યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડીયા પાસેથી આધાર નંબર મારફતે કરાવવી જોઈશે;

(ચ) જમા (ક્રેડિટ)ની પૂર્વ-વિગતની ચકાસણી - એજન્સીએ, ઈરાદાપૂર્વકના જમા (ક્રેડિટ) કરજના બાકીદાર (કસૂરદાર)ને રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓમાં કામે રાખ્યા અથવા રોક્યા નથી તે સુનિશ્ચિત કરવા માટે, કામે રાખેલી અથવા રોકેલી દરેક વ્યક્તિની જમા (ક્રેડિટ)ની પૂર્વ-વિગતની ચકાસણી કરવી જોઈશે;

(છ) બાંયધરી વીમો - એજન્સીએ, રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓમાં કામે રાખેલી અથવા રોકેલી દરેક વ્યક્તિના સંબંધમાં, બાંયધરી વીમો મેળવવો જોઈશે.

(૩) કોઈ વ્યક્તિને, સલામતી રક્ષક અથવા સુપરવાઈઝર તરીકે કામે રાખતા અથવા રોકતા પહેલાં, એજન્સીએ જાતે એવી વ્યક્તિના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસ અંગે નીચેની રીતે ખાતરી કરવી જોઈશે:-

(ક) જાતે વ્યક્તિના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસની ખરાઈ કરીને;

(ખ) વ્યક્તિએ રજૂ કરેલ ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસ ખરાઈ પ્રમાણપત્ર પર આધાર રાખીને:

પરંતુ ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસ પ્રમાણપત્ર માન્ય હોવું જોઈશે અને કોઈ અન્ય સ્ત્રોત તરફથી, વ્યક્તિના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસના સંબંધમાં એજન્સી પાસે કોઈ પ્રતિકૂળ રિપોર્ટ ન હોય;

(ગ) પોલીસ કમિશનર/ પોલીસ અધીક્ષક અથવા તેની સમકક્ષ કે ઉચ્ચ દરજ્જાના અધિકારીના સત્તાધિકાર હેઠળ સહી કરેલા પોલીસ સત્તાધિકારીઓ તરફથી મળેલ રિપોર્ટ પર આધાર રાખીને.

(૪) સલામતી રક્ષક અથવા સુપરવાઈઝર તરીકે કામે રહેવા અથવા રોકાવા ઈચ્છતી વ્યક્તિએ, એજન્સીને નમૂનો-૭ રજૂ કરવો જોઈશે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વ્યક્તિએ એક કરતાં વધારે જિલ્લામાં વસવાટ કર્યો હોય તો, નમૂનાઓની સંખ્યા જિલ્લાઓ જેટલી રહેશે.

(૫) એજન્સીએ, જાતે અથવા સંબંધિત પોલીસ કમિશનર અથવા પોલીસ અધીક્ષક-ને નમૂનો મોકલીને, ભરેલી વિગતોની ખરાપણાની તપાસ કરાવવી જોઈશે.

(૬) પૂર્વ-ઈતિહાસની ખરાઈ માટેની દરેક અરજી, નિયંત્રક અધિકારીને ચૂકવવાપાત્ર રૂ. ૫૦૦/-ના ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા બેન્કર ચેક સાથે નમૂના-૭માં કરવી જોઈશે.

(૭) પોલીસે, વ્યક્તિ જ્યાં રહેલી હોવાનો દાવો કરતી હોય અથવા રહેતી હોય તે વિસ્તારની મુલાકાત લઈને તેમજ તે વિસ્તારના આદરણીય રહેવાસીઓ પાસેથી વ્યક્તિની ઓળખ અને પ્રતિષ્ઠા સુનિશ્ચિત કરીને તેની ઓળખ પ્રસ્થાપિત કરવી જોઈશે તેમજ તેના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસની ખરાઈ કરવી જોઈશે. પોલીસ સત્તાધિકારીએ, ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસનો ખરાઈ રિપોર્ટ તૈયાર કરતા પહેલાં, સંબંધિત પોલીસ સ્ટેશન (મથક)નો પોલીસ સ્ટેશન રેકોર્ડ અને જિલ્લા પોલીસ મુખ્યમથક ખાતેના અથવા E-Gujcop પર ઉપલબ્ધ અન્ય રેકોર્ડ પણ તપાસવા જોઈશે. આ રિપોર્ટમાં, ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસના નમૂનામાંના વ્યક્તિના દરેક દાવાનો અને ખરાઈના સમયગાળામાં જીવનનિર્વાહના સાધનો સહિતની તેની પ્રવૃત્તિઓ અંગેના સામાન્ય રિપોર્ટનો પણ સમાવેશ થશે. પોલીસ સત્તાધિકારીએ, કોઈપણ સમયે તે વ્યક્તિની વિરુદ્ધ કોઈ ફોજદારી કેસ નોંધવામાં આવ્યો છે કે કેમ અથવા કેદની શિક્ષાને પાત્ર ફોજદારી ગુનામાં ક્યારેય દોષિત ઠરેલ છે કે કેમ તે ખાસ જણાવવું જોઈશે.

(૮) પોલીસ સત્તાધિકારીએ, એજન્સી દ્વારા કરેલી ખરાઈ હેઠળ વ્યક્તિને કામે રોકવાથી અથવા રાખવાથી રાષ્ટ્રીય સલામતી જોખમમાં મૂકાય તેમ હોય તો, ખાસ ટિપ્પણી કરવી જોઈશે.

(૯) પોલીસ સત્તાધિકારીઓએ, ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસનો નમૂનો મળ્યાના પંદર દિવસની અંદર ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસ ખરાઈ રિપોર્ટ કાઢી આપવામાં આવ્યો છે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

(૧૦) કોઈ વ્યક્તિના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસને લગતો પોલીસ સત્તાધિકારીઓનો રિપોર્ટ ખાનગી કક્ષાનો રાખવો જોઈશે. તે, ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસની વિનંતી કરનાર એજન્સીના મુકરર કરેલ અધિકારીને નામવાળા કવરમાં સંબોધવો જોઈશે.

(૧૧) એકવાર કાઢી આપેલ ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસ ખરાઈ રિપોર્ટ ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે.

(૧૨) પોલીસ ખરાઈના અધારે અને તેની પોતાની ખરાઈના આધારે, એજન્સીએ, નમૂના ૮માં ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસ પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે અને વ્યક્તિ આવી એજન્સીનો કર્મચારી ન રહે તો પણ, તે એજન્સીએ સદરહુ પ્રમાણપત્ર પાછું ખેંચવું જોઈશે નહિ.

૧૩. સુપરવાઈઝર માટેની જોગવાઈ.-

(૧) પંદરથી વધુ નહિ તેટલા ખાનગી સલામતી રક્ષકોના કામની દેખરેખ રાખવા માટે એક સુપરવાઈઝર રહેશે.

(૨) ખાનગી સલામતી રક્ષકો જુદી જુદી જગાએ સલામતીની ફરજ પર હોય અને તેમના કામની એક સુપરવાઈઝર દ્વારા દેખરેખ રાખવી વ્યવહાર્ય ન હોય ત્યારે, એજન્સીએ વધુ સંખ્યામાં ખાનગી સુપરવાઈઝરો નિયુક્ત કરવા જોઈશે, જેથી કરીને દર છ ખાનગી સલામતી રક્ષક દીઠ ઓછામાં ઓછા એક સુપરવાઈઝર મદદ, સલાહ અને દેખરેખ માટે ઉપલબ્ધ રહે.

૧૪. રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ-વગેરે માટે ખાનગી સલામતી.-

(૧) ખાનગી સલામતી એજન્સીએ, તે અધિનિયમ હેઠળ માન્ય લાઈસન્સ ધરાવતી હોય તે સિવાય, રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ માટે કોઈપણ ખાનગી સલામતી પૂરી પાડવી જોઈશે નહિ.

(૨) રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ માટે ખાનગી સલામતી પૂરી પાડવાના હેતુ માટે,-

(ક) અધિનિયમ હેઠળ માન્ય લાઈસન્સ ધરાવતી ખાનગી સલામતી એજન્સી અને સંબંધિત બેન્ક; અથવા

(ખ) રોકડનો વ્યવહાર કરતી એજન્સી અને સંબંધિત બેન્ક,

-ની વચ્ચે એક કરાર કરવો જોઈશે:

પરંતુ રોકડનો વ્યવહાર કરતી એજન્સી, અધિનિયમની જોગવાઈઓ હેઠળ ખાનગી સલામતી એજન્સી તરીકેનું માન્ય લાઈસન્સ ધરાવતી હોય તે કિસ્સામાં, આવી રોકડનો વ્યવહાર કરતી એજન્સી પોતે, આ નિયમોની જોગવાઈઓ અનુસાર રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ માટે ખાનગી સલામતી પૂરી પાડી શકશે.

૧૫. ખાસ ડિઝાઇન કરેલી અને ફેબ્રિકેટેડ (બનાવેલી) કેશ વેન (રોકડને લઈ જવાની ગાડી).-

(૧) કોઈપણ ખાનગી સલામતી એજન્સીએ, રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ, જેમાં અનુસૂચિ ૧-માં નિર્દિષ્ટ ડિઝાઇન અને વિગત-ની શરતોનું પાલન થતું હોય તેવી તેની માલિકીની અથવા બેન્કની અથવા યથાપ્રસંગ, રોકડનો વ્યવહાર કરતી એજન્સીની માલિકીની કોઈ સુરક્ષિત કેશ વેનમાં કરવામાં આવે તે સિવાય, આવી પ્રવૃત્તિઓ માટેની કોઈ બેન્ક અથવા રોકડનો વ્યવહાર કરતી કોઈ એજન્સી-ને, ખાનગી સલામતી અથવા ખાનગી સલામતી રક્ષકો પૂરા પાડવા જોઈશે નહિ.

(૨) ખાનગી સલામતી એજન્સીએ, રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ માટે કોઈ ટેક્સી (ભાડાની ગાડી) અથવા ભાડાના વાહનનો ઉપયોગ કરવો જોઈશે નહિ:

પરંતુ ખાનગી સલામતી એજન્સી અથવા બેન્ક અથવા રોકડનો વ્યવહાર કરતી એજન્સી સાથે લાંબી મુદતનો કરાર થયેલો હોય તેવા કોઈ વાહનમાં પેટા-નિયમ (૧) હેઠળ ઠરાવેલી ડિઝાઇન અને વિગતોની શરતોનું પાલન થતું હોય, તો ખાનગી સલામતી એજન્સી તે (વાહન)નો ઉપયોગ કરી શકશે:

વધુમાં, જ્યાં ખાનગી સલામતી એજન્સીઓ વિદ્યમાન ન હોય અને ચલણી નાણા (રાખવા)ની કોઈ પેટીની સેવા ઉપલબ્ધ ન હોય તેવા કોઈપણ દૂરવર્તી સ્થળના કિસ્સામાં, એવા સ્થળે કડક સલામતી નિયંત્રણ અને સ્થાનિક પોલીસની મદદ હેઠળ કોઈપણ વાહનનો અપવાદરૂપ વાહન તરીકે ઉપયોગ કરી શકાશે.

૧૬. કેશ વેન દીઠ તાલીમ પામેલા સ્ટાફ (કર્મચારીવર્ગ)ની આવશ્યક સંખ્યા.-

(૧) ખાનગી સલામતી એજન્સીએ, રોકડની લેવડદેવડની પ્રવૃત્તિઓ માટે, પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તેણે પ્રત્યક્ષ રીતે કામે રાખેલા અથવા રોકેલા તાલીમ પામેલા સ્ટાફ (કર્મચારીવર્ગ)ની આવશ્યક સંખ્યા સહિત ખાનગી સલામતી પૂરી પાડવી જોઈશે.

(૨) દરેક કેશ વેનમાં પ્રત્યેક રોકડ લેવડદેવડની પ્રવૃત્તિ માટેના બોર્ડમાં અધિનિયમની કલમ ૧૦ હેઠળ ઠરાવેલી લાયકાતો અને તાલીમ ધરાવતો નીચેનો લઘુત્તમ સ્ટાફ (કર્મચારીવર્ગ) હોવો જોઈશે:-

(૧) ડ્રાઈવર (વાહનચાલક) - એક;

(૨) હથિયારી સલામતી રક્ષકો - બે;

(૩) ATM (All Time Money) અધિકારી અથવા સંરક્ષક - બે;

(૩) કેશ વેન, હંમેશા બોર્ડના ઓછામાં ઓછા બે તાલીમ પામેલા હથિયારી સલામતી રક્ષકોથી અનુરક્ષિત રહેશે:

પરંતુ વાહનમાં લઈ જવાની રોકડ રકમને આધારે અને પૃથક કંપનીની વીમા માર્ગદર્શિકાઓ અથવા ગ્રાહક (અસીલ)ના કરાર અથવા આર્થિક વ્યવહારના ભાગ અનુસાર એક કેશ વેનમાં બેથી વધુ તાલીમ પામેલા હથિયારી સલામતી રક્ષકોની પ્રતિનિયુક્તિ કરી શકાશે.

(૪) કૅશ વૅન મધ્યમ કદનું મોટર વાહન હોય ત્યારે, એક હથિયારી (સલામતી) રક્ષકે, ડ્રાઈવરની બાજુમાં (વૅનની) આગળ અને બીજા રક્ષકે, વૅનની પાછળના ભાગમાં બેસવું જોઈશે અને ઓછામાં ઓછા એક હથિયારી સલામતી રક્ષકે, મુસાફરી દરમિયાન (રોકડ) ભરતી વખતે અથવા ખાલી કરતી વખતે, કુદરતી હાજતના સમયે, ચા અથવા બપોરના ભોજન વિરામના સમયે, એમ તમામ સમયે કૅશ વૅનમાં હાજર રહેવું જોઈશે.

(૫) આ નિયમોમાં કોઈ અન્ય જોગવાઈઓ હોય તેમ છતાં, ભૂતપૂર્વ સૈનિક, અન્યથા હકદાર-ને, ખાનગી સલામતી એજન્સી દ્વારા રોકડ લેવડદેવડની પ્રવૃત્તિઓ માટેની સલામતી પૂરી પાડવા પસંદ કરીને કામે રાખી અથવા રોકી શકાશે.

૧૭. આર્થિક વ્યવહારો દરમિયાન કૅશ વૅનનું લાઈવ (જીવંત) GPS ટ્રેકિંગ.-

(૧) GPS ટ્રેકિંગ ડિવાઈસથી ફિટ કરેલી (જડેલી) સુરક્ષિત કૅશ વૅન્સમાં જ દરેક રોકડ લેવડદેવડની પ્રવૃત્તિ કરવી જોઈશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-નિયમના હેતુઓ માટે, "GPS" એ શબ્દપ્રયોગ એટલે ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ કે જે જ્યાં ચાર અથવા તેથી વધુ GPS ઉપગ્રહોની અવરોધ વિનાની ×ષ્ટિરેખા હોય તેવા પૃથ્વી પરના કે પૃથ્વી નજીકના ગમે તે સ્થળના વાતાવરણ (હવામાન)ની તમામ સ્થિતિમાં સ્થળ અને સમયની માહિતી પૂરી પાડે તેવી સ્પેઇસ-બેસ્ડ નૅવિગેશન સિસ્ટમ છે.

(૨) ખાનગી સલામતી એજન્સીએ, અનાવશ્યક સંદેશાવ્યવહાર પ્રોટોકૉલ મારફતે રોકડ લેવડદેવડની પ્રવૃત્તિ દરમિયાન દરેક કૅશ વૅનની દેખરેખ રાખવામાં આવશે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

૧૮. એક કૅશ વૅન માટે રોકડ લઈ જવાની મહત્તમ મર્યાદા.-

(૧) રોકડની લેવડદેવડની પ્રવૃત્તિમાં સામેલ ખાનગી સલામતી એજન્સીએ, કોઈપણ કૅશ વૅનમાં મુસાફરી દીઠ પાંચ કરોડ રૂપિયાથી વધુ રોકડ લઈ જવાતી નથી તે સુનિશ્ચિત કરવું જોઈશે.

(૨) ખાનગી સલામતી એજન્સીએ, સુરક્ષિત કૅશ વૅનનો ઉપયોગ મુસાફરી દીઠ દસ લાખ રૂપિયાથી વધુ રોકડ લઈ જવા માટે કરવામાં આવશે તે સુનિશ્ચિત કરવું જોઈશે.

૧૯. બેન્ક કરન્સી (મુદ્રા)ને મૂકવા માટે અને આખી રાત તિજોરીમાં રાખવા (ઓવરનાઇટ વૉલ્ટિંગ) માટે વપરાતી ખાનગી રોકડની તિજોરીઓ (કૅશ વૉલ્ટ્સ)નું વિસ્તૃત વિગતવર્ણન.-

ખાનગી સલામતી એજન્સીએ, ગણતરી, જુદા પાડવા અને બન્ડલિંગ (બાંધવા)-ની પ્રવૃત્તિઓ સહિત તમામ રોકડ વ્યવહાર નીચેની માર્ગદર્શિકાઓ અનુસાર સુરક્ષિત મકાનોમાં કરાશે તે સુનિશ્ચિત કરવું જોઈશે:-

(ક) ખાનગી રોકડની તિજોરી (કૅશ વૉલ્ટ)ના મકાનોનું સ્થળ - રોકડના વ્યવહારની પ્રવૃત્તિઓ માટે વપરાતા બેન્કના રોકડ ઉપાડ કેન્દ્ર અથવા પોલીસ સ્ટેશન-ની નજીકના વિસ્તારો સહિતના મકાનો, પ્રવૃત્તિઓ/ આર્થિક વ્યવહારો-ની સુરક્ષા સુનિશ્ચિત કરે તેવી જગાએ હોવા જોઈશે. તેમ છતાં, ઓછા વાહનવ્યવહારવાળા દૂરવર્તી વિસ્તારોને ટાળવા જોઈશે;

(ખ) મકાનોની ડિઝાઇન (રચના) - મકાનોની ડિઝાઇન (રચના), એક ભાગ સામાન્ય કચેરીના હેતુ માટે અને બીજો ભાગ સુરક્ષિત રોકડ પ્રક્રિયાની અને વ્યવહારની પ્રવૃત્તિઓ માટે-એમ ભૌગોલિક રીતે બે સ્વતંત્ર ભાગોનો સમાવેશ કરે તેવી રાખવી (કરવી) જોઈશે તેમજ તેમાં રોકડ જમા કરવા, લેવા, જુદી પાડવા, ગણતરી કરવા અને સુરક્ષિત કૅશ વૅનમાં પહોંચાડવા તથા મોકલવા માટેની જગા હોવી જોઈશે;

(ગ) રોકડની તિજોરી - રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની જરૂરિયાત પૂરી કરતી રોકડનો સંગ્રહ કરવાની રોકડની તિજોરીઓ માટે નિર્દિષ્ટ નીચેની વિગતો અનુસાર એક સુરક્ષિત ક્ષેત્રપ્રદેશ ડિઝાઇન કરવો જોઈશે:-

(૧) દસ કરોડ રૂપિયાથી ઓછા રૂપિયા આખી રાત તિજોરીમાં રાખવાની મર્યાદિત જરૂરિયાતોવાળા નાના શહેરોમાં, ડિફેન્ડર સેફ્સ (રક્ષણાત્મક તિજોરીઓ) સાથે એક સ્ટ્રોંગ રૂમ (તિજોરી જેવો બનાવેલો મજબૂત ઓરડો);

(૨) દસ કરોડથી એક હજાર કરોડ રૂપિયા વચ્ચેની (રોકડ) આખી રાત તિજોરીમાં રાખવાની જરૂરિયાતોવાળા આર્થિક વ્યવહારના કેન્દ્રોમાં, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ધોરણો મુજબ ગ વર્ગની તિજોરીઓ માટે નિર્દિષ્ટ તિજોરીની સુવિધા;

(૩) એક હજાર કરોડ રૂપિયાથી વધુની (રોકડ) આખી રાત તિજોરીમાં રાખવાની જરૂરિયાતોવાળા મોટા આર્થિક વ્યવહારના કેન્દ્રોમાં, સંબંધિત બેન્ક સાથે વિચાવિનિમય કરીને, વધારેલી તિજોરીની સુવિધા; અને

(૪) આખી રાત તિજોરીમાં રાખવાની તમામ સુવિધાઓમાં, બહુવિધ બેન્કોની કરન્સી (મુદ્રા) અલગ અલગ રીતે અને એકમાત્ર ડબામાં સંગ્રહ કરવાની તાજવીજ કરવી જોઈશે;

(ઘ) રોકડની તિજોરીની સલામતી - ખાનગી સલામતી એજન્સીએ, બેન્ક વતી રોકડના સુરક્ષિત વ્યવહારમાં વપરાતી તેની રોકડની તિજોરીની સલામતીના નીચેના મુદ્દા સુનિશ્ચિત કરવા જોઈશે:-

(૧) હથિયારી ખાનગી સલામતી રક્ષકોની પૂરતી સંખ્યાની ચોવીસ કલાક માટે પ્રતિનિયુક્તિ કરી છે;

(૨) મકાનો ૨૪×૭ ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ અને દેખરેખ હેઠળ છે;

(૩) રોકડની તિજોરીને, ઓછામાં ઓછા નેવું દિવસની રેકોર્ડિંગ સુવિધા ધરાવતા કેમેરાની પૂરતી સંખ્યા સાથે CCTV સિસ્ટમ પૂરી પાડવામાં આવી છે;

(૪) રોકડની તિજોરીમાંની પ્રવૃત્તિઓ બેવડી કસ્ટડિના આધાર હેઠળ કરવામાં આવે છે;

(૫) મુખ્ય રોકડની તિજોરીનો ભાગ અગ્નિ-શામક પદ્ધતિઓ, ધુમાડા શોધન પદ્ધતિઓ, આપાતકાલીન લાઈટિંગ (વીજળી), વાહનોની અવરજવરની દેખરેખ માટે કન્ટ્રોલ રૂમ, ઑટો-ડાયલર અને ઘરફોડ ચોરીથી (બર્ગલર) સુરક્ષાની પદ્ધતિઓ જેવા સુરક્ષાના તમામ ધોરણોનું પાલન કરે છે;

(૬) GSM આધારિત ઑટો-ડાયલર સાથે સિક્યોરેટી અલાર્મ, ફાયર અને મેગ્નેટિક સેન્સર ઈન્સ્ટોલ કર્યા છે;

(૭) રોકડ ભરવાના અને ખાલી કરવાના ભાગને, નાઈટ વિઝન (રાત્રે દેખી શકાય તેવા) CCTV કેમેરાથી આવરી લીધો છે;

(૮) રોકડની તિજોરીના અંદરના ભાગમાં ઈલેક્ટ્રિક વિદ્યુત પુરવઠો, પ્લગ-ઈન, પ્લગ-આઉટ સિસ્ટમ મારફતે પૂરો પાડવામાં આવે છે;

(૯) રોકડની તિજોરીના અંદરના ભાગમાં ખુલ્લી લાઈટ લઈ જવાની કડક રીતે મનાઈ છે અને સ્ટ્રોંગ રૂમ્સના અંદરના ભાગમાં સૂકી બેટરી સંચાલિત ટોર્ચિસ અથવા આપાતકાલીન લાઈટ્સ-નો ઉપયોગ કરવામાં આવે છે;

(૧૦) સલામતી સ્ટાફ (કર્મચારીવર્ગ)ને ઈન્વર્ટરની મદદથી આપાતકાલીન લાઈટિંગ (વીજળી) હંમેશા ઉપલબ્ધ રહેશે; અને

(૧૧) રોકડ પ્રક્રિયા અને તિજોરી વિસ્તારોમાં, મુખ્યત્વે ઈન્ટરલોકિંગ સિસ્ટમ્સ અને તસ્કરી મારફત પ્રવેશ પ્રતિબંધિત અને નિયંત્રિત હોવો જોઈશે.

સ્પષ્ટીકરણ- આ નિયમના હેતુઓ માટે, "સીસીટીવી" એ શબ્દપ્રયોગ એટલે ક્લોઝ સર્કિટ ટેલિવિઝન કે જે સ્ટોર અથવા કંપનીમાં પ્રવૃત્તિઓની દેખરેખ માટે કેમેરા, રેકોર્ડર્સ અને ડિસ્પ્લે ધરાવતી સ્વ-નિર્ભર સર્વેલન્સ સિસ્ટમ છે.

૨૦. જોખમ ઘટાડવા માટેના પગલાં.-

(૧) ખાનગી સલામતી એજન્સી સુનિશ્ચિત કરશે કે તેની સલામતી હેઠળના એટીએમમાં વન ટાઈમ ઈલેક્ટ્રોનિક કોમ્બિનેશન લોક લગાવવામાં આવે કે જેથી કર્મચારીગણ દ્વારા તફડંચીથી થતા નુકસાન અને એટીએમ છેતરપિંડીના કિસ્સાઓ ઓછા થાય.

(૨) એટીએમમાં લોડ કરવા માટે રોકડ રકમ બેંકમાંથી અગાઉના દિવસે અથવા દિવસના પહેલા ભાગમાં લેવામાં આવશે જેથી પેટા નિયમ (૩) માં નિયત કરેલા સમય પહેલાં કામગીરી પૂર્ણ કરી શકાય.

(૩) (ક) શહેરી વિસ્તારોમાં સવારે ૦૭.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૦૯.૦૦ વાગ્યા પછી; અને

(ખ) ગ્રામીણ વિસ્તારોમાં સવારે ૦૭.૦૦ વાગ્યા પહેલા અને સાંજે ૦૬.૦૦ વાગ્યા પછી;

(ગ) કેન્દ્ર સરકાર દ્વારા ડાબેરી ઉગ્રવાદી અસરગ્રસ્ત વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરેલા જિલ્લાઓમાં સવારે ૦૯.૦૦ વાગ્યા પહેલા અને સાંજે ૦૪.૦૦ વાગ્યા પછી,

` એટીમમાં કેશ લોડિંગ અથવા રોકડ લેવડદેવડની પ્રક્રિયા કરવી નહીં.

૨૧. સલામતી અંગેની તાલીમ.-

(૧) નિયંત્રક સત્તાધિકારી, ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખું નીતિ અનુસાર સલામતી રક્ષકોની તાલીમ માટે જરૂરી વિગતવાર તાલીમ અભ્યાસક્રમ ઘડશે. આ તાલીમનો ઓછામાં ઓછો સમયગાળો વર્ગ પ્રશિક્ષણના સો કલાક અને ક્ષેત્રની તાલીમના સાઠ કલાકનો રહેશે, જે ઓછામાં ઓછા વીસ કામકાજના દિવસોમાં વહેંચાયેલી રહેશે. તેમ છતાં, ભૂતપૂર્વ સૈનિકો અને અગાઉના પોલીસ કર્મચારીઓએ ફકત સંકીર્ણ અભ્યાસક્રમમાં હાજર રહેવાનું રહેશે, જે ઓછામાં ઓછા કામકાજના સાત દિવસોમાં વહેંચાયેલો ઓછામાં ઓછા ચાલીસ કલાકના શિક્ષણ વર્ગ અને સાઠ કલાકની ક્ષેત્ર તાલીમનો રહેશે.

(૨) (૧) રોકડ પરિવહન પ્રવૃત્તિઓમાં કામે રોકેલા રક્ષકો સિવાયના સલામતી રક્ષકોને સલામતી તાલીમમાં નીચેના વિષયોનો સમાવેશ થશેઃ-

(ક) જાહેર વર્તણૂક અને ગણવેશ યોગ્ય રીતે પહેરવો;

(ખ) શારીરિક યોગ્યતા તાલીમ;

(ગ) શારીરિક સલામતી, અસ્કયામતોની સલામતી, મકાન અથવા એપાર્ટમેન્ટની સલામતી, કર્મચારીગણની સલામતી, ઘરવખરીની સલામતી;

(ઘ) અગ્નિશમન અને અગ્નિશમન સેવા;

(ચ) ભીડ નિયંત્રણ;

(છ) ઓળખપત્રો, પાસપોર્ટ અને સ્માર્ટ કાર્ડ સહિત ઓળખના કાગળોનું નિરીક્ષણ;

(જ) ઓળખ દસ્તાવેજો, હથિયાર પરવાના, મૂસાફરી દસ્તાવેજો અને સલામતી તપાસ પત્રકમાં સામાન્ય રીતે દર્શાવાતા અંગ્રેજી મૂળાક્ષરો અને અરબી સંખ્યાનું વાંચન અને સમજ.

(ઝ) સુધારણા વિસ્ફોટક સાધનોની ઓળખ.

(ટ) પ્રાથમિક સારવાર;

(ઠ) સંકટનો સામનો અને આપત્તિ વ્યવસ્થાપન;

(ડ) રક્ષણાત્મક ડ્રાઈવીંગ (સશસ્ત્ર વાહનના ડ્રાઈવર માટે ફરજિયાત અને બીજા માટે વૈકલ્પિક રહેશે.)

(ઢ) બિન-પ્રતિબંધિત હથિયારો અને અગ્ન્યસ્ત્ર ચલાવવા અને તેનું સંચાલન કરવું (વૈકલ્પિક);

(ત) ભારતના ફોજદારી અધિનિયમ, ખાનગી બચાવનો હક, પોલીસ સ્ટેશનમાં પ્રથમ માહિતી અહેવાલ નોંધાવવાની કાર્યરીતિ, શસ્ત્ર અધિનિયમ (ફકત અમલમાં હોય તેવી કલમો), વિસ્ફોટક અધિનિયમ (અમલમાં હોય તેવી કલમો)નું પ્રાથમિક જ્ઞાન;

(થ) પોલીસ અને લશ્કરી દળોના દરજજાના(પદસૂચક) બિલ્લા;

(દ) જાહેર જનતા અને પોલીસમાં વપરાતા જુદા જુદા પ્રકારના શસ્ત્રોની ઓળખ;

(ધ) સલામતી સાધનસામગ્રી અને સાધનોનો ઉપયોગ (દા.ત. સલામતી એલાર્મ્સ અને તપાસની સાધન સામગ્રી); અને

(ન) નેતૃત્વ અને વ્યવસ્થાપન (ફકત સુપરવાઈઝર માટે)

(૨) રોકડ પરિવહનની પ્રવૃત્તિઓમાં કામે રોકેલા રક્ષકોની સલામતી તાલીમ અનુસૂચિ ૨-ની જોગવાઈ મુજબ રહેશે.

(૩) સલામતી રક્ષકે નિયંત્રક અધિકારીએ ઠરાવેલી તાલીમ સફળતાપૂર્વક લેવાની રહેશે. તાલીમ પૂર્ણ થયે, દરેક સફળ તાલીમાર્થીને તાલીમ સંસ્થા અથવા સંગઠન દ્વારા નમૂના ૯-માં પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૪) નિયંત્રક સત્તાધિકારી, જાતે અથવા તેમના પોતાના અધિકારીઓ દ્વારા વખતોવખત તાલીમ સુવિધાની કામગીરીની તપાસ કરશે. સામાન્યતઃ આવી તપાસ દર વર્ષે ઓછામાં ઓછી બેવાર કરવામાં આવશે.

(૫) તમામ એજન્સીઓ એ નિયંત્રક સત્તાધિકારીએ નિયત કરેલી રીતે સફળ તાલીમાર્થીઓની યાદી તેમને રજૂ કરવી જાઈશે.

(૬) તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થયે ખાનગી સલામતી એજન્સી આવા તાલીમાર્થીઓને ગાર્ડ અથવા સુપરવાઈઝર જેવા હોદ્દા આપી શકે છે, કોઈપણ એજન્સી સશસ્ત્ર દળો, અર્ધલશ્કરી દળો અથવા રાજ્ય પોલીસ દળોના કોઈપણ દરજ્જાને અપનાવશે નહીં.

(૭) નિયંત્રક સત્તાધિકારી પોતે અથવા તેના અધિકારીઓ દ્વારા કોઈપણ ખાનગી તાલીમ એજન્સીના ખાનગી સલામતી રક્ષકો અને સુપરવાઈઝરોને આપવામાં આવતી તાલીમ અને કૌશલ્યની ચકાસણી કરી શકે છે.

(૮) નિયંત્રક સત્તાધિકારી, એવી સલામતી એજન્સીઓ કે જેણે તેની યાદી પર પ્રશિક્ષિત કર્મચારીઓની શરતોનું પાલન કર્યું ન હોય તેના લાઈસન્સને ચાલુ રાખવા અથવા અન્યથા કોઈ બાબતની સમીક્ષા કરી શકે છે.

૨૨. ઔદ્યોગિક સલામતી રક્ષકો અને રહેણાક સલામતી રક્ષકો માટે શારીરિક યોગ્યતા અને તાલીમનું ધોરણ.-

(૧) નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના શારીરિક યોગ્યતાના ધોરણો પૂર્ણ કરતી હોય, તે વ્યક્તિ સલામતી રક્ષક તરીકે કામે રોકવા અથવા કામે રહેવાને લાયક ગણાશે.

શારીરિક યોગ્યતાનું ધોરણ	**ઔદ્યોગિક સલામતી રક્ષકો**	**રહેણાંક સલામતી રક્ષકો**
ઊંચાઈ		
(૧) પુરૂષ	૧૬૦ સે.મી.	૧૬૦ સે.મી.
(૨) સ્ત્રી	૧૫૦ સે.મી.	૧૫૦ સે.મી.
વજન	ઊંચાઈ અને વજનના પ્રમાણભૂત કોષ્ટક પ્રમાણે	ઊંચાઈ અને વજનના પ્રમાણભૂત કોષ્ટક પ્રમાણે
છાતી (ફક્ત પુરૂષો માટે):	ઉમરના આધારે:	ઉમરના આધારે:
(૧) ૧૮ વર્ષથી ૩૯ વર્ષ	૭૯ સે.મી. (૪ સે.મી. ફુલાવ્યા સાથે)	૭૯ સે.મી. (૪ સે.મી. ફુલાવ્યા સાથે)
(૨) ૪૦ વર્ષથી ૫૦ વર્ષ	ઉપર મુજબ	ઉપર મુજબ
(૩) ૫૧ વર્ષથી ૬૫ વર્ષ	૭૯ સે.મી.	૭૯ સે.મી.
દ્રષ્ટિ:	દૂરની દૃષ્ટી: ૬/૬, નજીકની દૃષ્ટી: ૦.૬/૦.૬	દૂરની દૃષ્ટી: ૬/૬
(૧) ૧૮ વર્ષથી ૩૯ વર્ષ	દૂરની દૃષ્ટી: ૬/૬, નજીકની દૃષ્ટી: ૦.૬/૦.૬	દૂરની દૃષ્ટી: ૬/૬, નજીકની દૃષ્ટી: ૦.૬/૦.૬
(૨) ૪૦ વર્ષથી ૫૦ વર્ષ	દૂરની દૃષ્ટી: ૬/૬ (ચશ્મા સાથે)	દૂરની દૃષ્ટી: ૬/૬ (ચશ્મા સાથે)
(૩) ૫૧ વર્ષથી ૬૫ વર્ષ	દૂરની દૃષ્ટી: ૬/૬ (ચશ્મા સાથે)	દૂરની દૃષ્ટી: ૬/૬ (ચશ્મા સાથે)
શ્રવણ શક્તિ:	ખામીરહિત, બોલેલા અવાજ અને સલામતી સાધનસામગ્રીમાંથી થતી ચેતવણીઓને સાંભળવા અને તેની પ્રતિક્રિયા કરવા માટે સક્ષમ હોવો જોઈશે.	ખામીરહિત, બોલેલા અવાજ અને સલામતી સાધનસામગ્રીમાંથી થતી ચેતવણીઓને સાંભળવા અને તેની પ્રતિક્રિયા કરવા માટે સક્ષમ હોવો જોઈશે.
દોડ:	૬ મિનિટમાં ૧.૦ કિ.મી (સ્ત્રી અને પુરૂષ બંને)	ઉમરના આધારે:
૧૮ વર્ષથી ૩૯ વર્ષ	૬ મિનિટમાં ૧.૦ કિ.મી (સ્ત્રી અને પુરૂષ બંને)	૭ મિનિટમાં ૧.૦ કિ.મી
૪૦ વર્ષથી ૫૦ વર્ષ	૬ મિનિટમાં ૧.૦ કિ.મી (સ્ત્રી અને પુરૂષ બંને)	૮ મિનિટમાં ૧.૦ કિ.મી
૫૧ વર્ષથી ૬૫ વર્ષ	૬ મિનિટમાં ૧.૦ કિ.મી (સ્ત્રી અને પુરૂષ બંને)	૯ મિનિટમાં ૧.૦ કિ.મી
તબીબી પરીક્ષણ:	૧૨ મહિનામાં એક વખત	૧૨ મહિનામાં એક વખત
તાલીમ	વર્ગખંડ: ૧૦૦ કલાક (ભૂતપૂર્વ સૈનિક/સીએપીએફ/પોલીસ માટે ૪૦ કલાક) અને ક્ષેત્ર તાલીમ: ૬૦ કલાક (ભૂતપૂર્વ સૈનિક/સીએપીએફ/પોલીસ માટે ૪૮ કલાક) ૨૦ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે (ભૂતપૂર્વ સૈનિક/ સીએપીએફ/પોલીસ માટે ૭ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે)	વર્ગખંડ: ૪૮ કલાક (ભૂતપૂર્વ સૈનિક/સીએપીએફ/પોલીસ માટે ૨૪ કલાક) અને ક્ષેત્ર તાલીમ: ૩૨ કલાક (ભૂતપૂર્વ સૈનિક/સીએપીએફ/પોલીસ માટે ૧૬ કલાક) ૧૦ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે (ભૂતપૂર્વ સૈનિક/ સીએપીએફ/પોલીસ માટે ૭ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે)

(૨) ઉમેદવાર ઝડતી કરવાની, વસ્તુઓની તજવીજ કરવાની અને જરૂર પડે તો વ્યકિતઓને કાબુમાં રાખવા માટે બળ વાપરવાની નિપુણતા અને શકિત ધરાવતો હોવો જાઈશે.

(૩) ઉમેદવાર કોઇ સાંસર્ગિક અથવા ચેપી રોગથી મુકત હોવો જાઈશે. તે એવા કોઇ રોગથી પીડાતો હોવો જાઈશે નહિ કે જેથી તેની સેવાથી તે (રોગ) વધુ ગંભીર બને અથવા જેનાથી સેવા માટે તે અયોગ્ય બને અથવા જેનાથી લોકોનું આરોગ્ય જાખમમાં મૂકાય.

૨૩. અન્ય શરતો.-

(૧) એજન્સી પોતાના ખાનગી સલામતી રક્ષકોને, તે ફરજ પર હોય કે ન હોય ત્યારે, ગણવેશ પહેરવાનો આદેશ આપે કે ન આપે તેમ છતાં, દરેક ખાનગી સલામતી એજન્સીએ,

(ક) એજન્સીને અલગ રીતે દર્શાવતો હાથનો પટ્ટસૂચક બિલ્લો;

(ખ) સંસ્થામાં તેનો દરજજા દર્શાવવા માટે ખભા અથવા છાતીનો પટ્ટસૂચક બિલ્લો;

(ગ) વ્હીસલ કોર્ડ સાથે જાડેલ અને ડાબા ખિસ્સામાં રાખવાની વ્હીસલ;

(ઘ) ગાજ અને વાધરી(લેસ) વાળા બૂટ;

(ચ) એજન્સીની અલગ નિશાની દર્શાવતું શિરોવસ્ત્ર (headgear).

આપવા જાઈશે અને પોતાના ખાનગી સલામતી રક્ષકો માટે તે પહેરવાનું ફરજિયાત બનાવવું જાઈશે.

(૨) સલામતીની સક્રિય ફરજ ઉપર સક્રિય હોય ત્યારે ખાનગી સલામતી રક્ષકે પહેરેલા કપડાં તેની કાર્યક્ષમ કામગીરીને અવરોધે તેવા હોવા જાઈશે નહિ. ખાસ કરીને શરીરના અવયવોના હલન-ચલન અથવા તેમને વાળવામાં અવરોધે તેટલા ચુસ્ત અથવા તેવા ખૂલતાં હોવા જાઈશે નહિ.

(૩) દરેક ખાનગી સલામતી રક્ષકે પોતાની સાથે એક નોંધપોથી અને લખવાનું સાધન રાખવું જાઈશે.

(૪) સલામતીની ફરજ ઉપર સક્રિય હોય ત્યારે દરેક ખાનગી સલામતી રક્ષકે અધિનિયમની કલમ ૧૭ હેઠળ કાઢી આપવામાં આવેલ ફોટો-ઓળખપત્ર, સહેલાઈથી દેખાઇ આવે તેવી રીતે, કમરના ભાગની ઉપર, સૌથી બહારના પોશાક ઉપર લગાડવું અને દર્શાવવું જાઈશે.

૨૪. પ્રકીર્ણ.-

તમામ ખાનગી સલામતી એજન્સીઓએ, આ અધિનિયમ અને આ નિયમો દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબની ફરજો ઉપરાંત,

(ક) એજન્સીની સેવાઓ છોડી રહેલા સલામતી રક્ષકો/સુપરવાઇઝર્સની સંપૂર્ણ વિગતો;

(ખ) સલામતી કર્મચારીઓની સંખ્યામાં કોઈ વધારા/સુધારણા/પરિવર્તન/બદલાવની સંપૂર્ણ વિગતો;

(ગ) ધાર્મિક સ્થળો, બંદરો, શોપિંગ મોલ વગેરે જેવા જનમેદની ધરાવતા તમામ સંવેદનશીલ/મહત્વના સ્થાપનો અથવા સ્થળો ખાતે કામે રાખેલા સલામતી રક્ષકો/સુપરવાઇઝર્સના સંખ્યાબળ સંબંધિત વિગતો;

(ઘ) આવા સ્થળોએ કરારમાં પ્રવેશ અથવા કરાર રદ કરવાની વિગતો અંગે, સાત દિવસની અંદર સંબંધિત પોલીસ કમિશનર/ પોલીસ અધિક્ષકને લેખિતમાં જાણ કરવી જોઈશે.

૨૫. રદ્દ કરવા બાબત અને અપવાદ,- ગુજરાત ખાનગી સલામતી એજન્સી નિયમો, ૨૦૦૭ આથી રદ કરવામાં આવે છે.

પરંતુ આ રીતે રદ્દ કરવાથી, આ રીતે રદ કરવામાં આવેલા નિયમો હેઠળ કરવામાં આવેલા કાર્યો અથવા કૃત્યને અસર થશે નહીં.

વધુમાં,આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ગુજરાત ખાનગી સલામતી એજન્સીનિયમો, ૨૦૦૭ના આરંભ પહેલાં અગાઉના નિયમો હેઠળ શરૂ કરવામાં આવેલ કોઇ કાર્યવાહી હોય તો, તે પૂરી ન થાય ત્યાં સુધી તે (કાર્યવાહી) કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધર્મેશ પરીખ,

સરકારના સેક્શન અધિકારી.

અનુસૂચિ ૧

(જૂઓ નિયમ ૧૫ (૧)

સલામત રોકડ વાન માટેની ડિઝાઈન અને વિશિષ્ટ વિગતવર્ણન.-

(ક) બનાવટ.- રોકડ માટેની વાન -

(૧) ખાસ કરીને ટર્બોચાર્જ હોય તેવી ૨૨૦૦ સીસી કરતા ઓછી ન હોય તેવી ક્ષમતા ધરાવતું, હળવું વ્યવસાયિક વાહન હોવું જોઈશે;

(૨) સાત વર્ષ કરતા વધારે જૂની હોવી જોઈશે નહિ;

(૩) ટ્યુબલેસ ટાયર હોવા જોઈશે.

(૪) ૧૯૦ એમએમ કરતા ઓછુ ન હોય તેવું ગ્રાઉન્ડ ક્લિયરન્સ હોવું જોઈશે; અને

(૫) ઓછામાં ઓછા પાંચ મુસાફરોનો સમાવેશ થઈ શકે તેવી હોવી જોઈશે

(ખ) લેઆઉટ.- રોકડ માટેની વાનમાં મુસાફર વિભાગ એકમથી પ્રત્યક્ષ રીતે અલગ હોય અને લોક હોય તેમ, નાણા રાખવા માટેનો એક વિભાગ હોવો જોઈશે;

(ગ) રોકડ વિભાગની સલામતી.- (૧) રોકડ વિભાગ મેન્યુઅલ અથવા ઈલેક્ટ્રોનિક લોકથી અંદરથી સંચાલિત કરવામાં ન આવે, તો તે વાનની બહારથી એક્સેસ કરી શકાશે નહિ અને રોકડ વિભાગનો માત્ર એક દરવાજો અને ગ્રીલ ગેટ સાથે સ્ટીલથી સુદ્રઢ (મજબૂત) હોવો જોઈશે.

(૨) યોગ્ય દૃશ્યતા, કાર્યકારી સંભવિતતા અને સીસીટીવી દેખરેખને સુનિશ્ચિત કરવા માટે રોકડ વિભાગનો પ્રવેશદ્વાર પાછળની બાજુએથી હોવો જોઈશે.

(૩) તમામ બારીઓ અને વિન્ડ સ્ક્રીનમાં એક ચોરસ ઈંચ કરતા વધુ ન હોય તેમ વાયર મેસ પ્રોટેક્શન હોવું જોઈશે.

(૪) હુટર ચલાવવા માટેની પેનિક સ્વીચ ડ્રાઇવર અને બીજા કબજો ધરાવનારની પાસે હોવી જોઈશે.

(ઘ) કેસ બોક્સની સલામતી.- દરેક કેસ બોક્સ જુદી જુદી સાંકળોથી જમીન પર સલામત રાખવું જોઈશે અને તેમાં લોક હોવા જોઈશે જેને જુદાં જુદાં કબજેદારો પાસે રાખેલી જુદી જુદી ચાવીઓનો ઉપયોગ કરીને જ ખોલી અથવા બંધ કરી શકાશે અને દરેક બેંક માટેના રોકડ નાણા, ખાસ કરીને, જુદાં જુદાં બોક્સમાં જેના પર બેંકનું નામ લખેલું હોય તેમ રાખવા જોઈશે.

(ચ) સલામતીની બીજી વિશેષતાઓ.- (૧) રોકડ માટેની વાનને, ઓછામાં ઓછા પાંચ દિવસની રેકોર્ડિંગ સવલત ધરાવતી એક નાની સીસીટીવી સિસ્ટમ અને આગળ,પાછળ અને કેબિનની અંદર બાજું ઈન્સ્ટોલ હોય તેવા ત્રણ કેમેરા સાથેની સુવિધા પૂરી પાડવી જોઈશે.

(૨) જીએસએમ આધારિત ઓટો-ડાઇલર ધરાવતી સલામતી માટેની અલાર્મ, મોટર સંચાલિત સાઇરન સાથે પૂરી પાડવી જોઈશે.

(૩) હુમલાના કિસ્સામાં, રોકડ માટેની વાન તત્કાલિન પ્રતિક્રિયા સુનિશ્ચિત કરે તે માટે હુટર, અગ્નિશામક સાધનો અને આપાતકાલિન લાઇટથી સજ્જ હોવી જોઈશે.

અનુસૂચિ ૨

(જુઓ નિયમ ૨૧ (૨))

રોકડ હેરફેરની પ્રવૃતિઓમાં નિમાયેલા અથવા રોકાયેલા કર્મચારીઓ માટે તાલીમ

(ક) રોકડનું સંચાલન અને રોકડ હેરફેરની પ્રવૃતિઓ માટેની મૂળભૂત બાબતો.-

(૧) સેવાનું કાર્યક્ષેત્ર

(૨) ટીમની રચના

(૩) ડ્રાઇવર, સશસ્ત્ર ગાર્ડ, રોકડનો કબજો ધરાવનારની ભૂમિકા

(૪) રોકડ માટેની વાનના કાર્યો

(૫) સંબંધિત એજન્સીઓની સંપર્ક વિગતો

(૬) સમાવિષ્ટ ભય અને જોખમો

(૭) જાણ કરવાની કાર્યરીતિ

(ખ) ભય અને જોખમો.-

(૧) ગુનાહિત અને ઉપદ્રવી કાર્ય

(૨) વાહન ચલાવતા ગુનેગારો દ્વારા પીછો કરવો

(૩) સ્થિર અને ગતિમાન વાહનને નિશ્ચિત ભય

(૪) અંદરની વ્યક્તિનો ભય

(૫) ટીમના સભ્યો દ્વારા છળકપટના કાર્યો

(૬) મૃત્યુ અને તબીબી આપાતકાલિન

(૭) માર્ગ અકસ્માત અને વાહન ખરાબ થવું

(૮) અગ્નિ દુર્ઘટના

(ગ) કેશ વાનની સુરક્ષા અને સલામતી.-

(૧) રોકડ અને કિંમતી ચીજો લઇ જતી રોકડ માટેની વાનની સુરક્ષાની ઇન-બિલ્ટ વિશેષતાઓ

(૨) રોકડ અને કિંમતી ચીજો લઇ જવા માટે રોકડનું બોક્સ

(૩) લોકીંગ અને સલામતી સિસ્ટમ

(૪) હથિયાર અને દારૂગોળો

(૫) સંદેશાવ્યવહારના સાધનો

(૬) ગ્લોબલ પોજિશનિંગ સિસ્ટમ

(૭) અગ્નિ શામક સાધનો

(૮) વિપત્તિની ચેતવણી

(૯) પ્રાથમિક સારવાર કીટ

(ઘ) એજન્સી.-

(૧) ખાનગી સલામતી એજન્સી (વિનિયમો) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫-ના ૨૯મા) હેઠળના નિયંત્રણ સત્તાધિકારી

(૨) પોલીસ સ્ટેશન, પીસીઆર વાન, પોલીસ હેલ્પલાઇન

(૩) નિયંત્રણ સુપરવાઝર અને કામગીરી વ્યવસ્થાપક

(૪) સબંધિત બેંકના પ્રતિનિધિ

(૫) એમ્બ્યુલન્સ અને હોસ્પિટલ સેવા

(ચ) શસ્ત્રો, દારૂગોળો અને દસ્તાવેજો.-

(૧) રક્ષકોને, ઓછામાં ઓછા ૧૨ બોર ડીબીબીએલ-ની શોટ ગન પૂરી પાડવી જોઇશે. બે વર્ષમાં ઓછામાં ઓછા એક વખત ગન ફાયરની ચકાસણી થવી જોઇશે. ૦૨ વર્ષમાં એક વખત ગન કાર્ટરીજ બદલાવવી જોઇશે. સરકાર માન્ય આર્મરર દ્વારા ગનની ચકાસણી અને પ્રમાણિત થવી જોઇશે.

(૨) દસ્તાવેજો- ગન લાઇસન્સ, ઓળખપત્ર અને સત્તાધિકારી દ્વારા લાગુ પાડેલ નિયંત્રણ (પ્રતિબંધ) દરમિયાન હથિયાર લઇ જવાની પરવાનગી

(૩) ઉપદ્રવીઓ દ્વારા અસલ શસ્ત્રો રાખવા

(૪) ઉપદ્રવીઓ દ્વારા શસ્ત્ર તરીકે ઉપયોગ કરી શકાય તેવા બીજા સાધનો

(છ) આપાતકાલિન (પરિસ્થિતિ) અને ઘટનાની પ્રતિક્રિયા.-

(૧) વિપત્તિ અલાર્મની કાર્યરીતિ

(૨) સંબંધિત એજન્સીમાંથી મદદ મેળવવી

(૩) ગુનેગારો અને ઉપદ્રવીઓને અટકાવવા અને પ્રતિકાર કરવા હથિયારનો ઉપયોગ

(૪) ટીમના સભ્યો અને રવાના કરેલ માલની સુરક્ષા સુનિશ્ચિત કરવી

(૫) (વિકટ)પરિસ્થિતમાંથી બહાર નીકળીને સલામત સ્થળે વાહન લઇ જવું

(૬) ઈજા પામેલ વ્યક્તિઓનું સ્થળાંતર કરવું

(જ) આંતરિક વ્યવસ્થાને લગતી બીજી કાર્યરીતિઓ.-

(૧) પૂર્વ-ઈતિહાસની ચકાસણીની કાર્યરીતિ

(૨) પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫ (સન ૧૯૨૫-નો ૧૯મો) અને લાભો

(૩) ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો ૧૧મો) અને લાભો

(૪) કામદાર રાજય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો ૩૪મો) અને લાભો

(૫) રજાનો હક અને અરજીની કાર્યરીતિ

(૬) બીજા કંપની નિયમો

(૭) કર્મચારીઓ તરીકેની જવાબદારીઓ

નમૂનો-૧

(જુઓ નિયમ ૩અને ૭)

ખાનગી સલામતી એજન્સીનું કામકાજ કરવા માટેના નવા લાઈસન્સ માટેની / લાઈસન્સ તાજું કરવા માટેની અરજી

પ્રતિ

નિયંત્રક સત્તાધિકારી

_____

_____

નીચે સહી કરનાર, આથી, ખાનગી સલામતી એજન્સીઓના ક્ષેત્રમાં સેવાઓ આપવાનું કામકાજ કરવા માટેનું લાઈસન્સ મેળવવા માટે અરજી કરે છે.

૧. અરજદારનું પૂરું નામઃ

૨. અરજદારની રાષ્ટ્રીયતાઃ

૩. કોના પુત્ર/પત્ની/પુત્રી છે?

૪. રહેઠાણનું સરનામું:

૫. અરજદાર જ્યાં પોતાની એજન્સી ચાલુ કરવા ઈચ્છતા હોય તેનું સરનામું:

૬. ખાનગી સલામતી એજન્સીનું નામઃ

૭. એજન્સીના માલિક, ભાગીદાર, અધિકાંશ શેરહોલ્ડર, ડિરેક્ટર અને ચેરમેનના નામ અને સરનામાઃ

૮. ઉપલભ્ય સવલતોનું નામ અને પ્રમાણઃ

૯. પ્રશિક્ષણ (તાલીમ) આપવા માટે રોકાયેલા સ્ટાફની લાયકાતઃ

નામ _____

ઉમર _____

હોદ્દો _____

૧૦. સલામતી સેવાઓ માટે જેનો ઉપયોગ કરવામાં આવશે તે સાધનસામગ્રી

(ક) ડોર ફ્રેમ્ડ મેટલ ડિટેક્ટર (ડીએફએમડી)

(ખ) હેન્ડ હેલ્ડ મેટલ ડિટેક્ટર (એચએચએમડી)

(ગ) માઈન ડિટેક્ટર

(ઘ) અન્ય ડિટેક્ટર્સ

(૧) વાયરલેસ (બિન-તારી) ટેલિફોન

(૨) એલાર્મ ડિવાઈસીસ (ભય-સંકેતના સાધનો)

(૩) આર્મર્ડ (કવચયુક્ત) વાહનો

(૪) શસ્ત્રો

૧૧. અરજદાર એજન્સીના ખાનગી સલામતી રક્ષકો અને સુપરવાઈઝર માટે કોઈ ગણવેશ વાપરવાનો ઈરાદો રાખતા હોય તેવા કિસ્સામાં તેના કલર ફોટોગ્રાફ સહિત ગણવેશની વિગતોઃ

૧૨. અરજદાર એકથી વધારે જિલ્લામાં કામગીરી બજાવવાનો ઈરાદો રાખે છે? જો એમ હોય, તો જિલ્લાઓના નામઃ

૧. _____ ૨. _____ ૩. _____ ૪. _____

૧૩. અરજદાર સમગ્ર રાજ્યમાં કામગીરી બજાવવાનો ઈરાદો રાખે છે?

૧૪. અરજદાર તેની પોતાની તાલીમ સવલતો ધરાવે છે કે તે બહારના સ્રોત પાસેથી મેળવશે? તાલીમ સવલતોના નામ અને સરનામા પૂરા પાડવા.

સહી

અરજદારનું નામ

અરજદારનું સરનામું

અરજદારનો ટેલિફોન નંબર

અરજદારનું ઈ-મેઈલ આઈડી અને મોબાઈલ નંબર

અરજીની તારીખ

બિડાણઃ

૧. ચાલુ આવકવેરા ચૂકતે પ્રમાણપત્રની નકલ.

૨. અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૨)ની જોગવાઈમાં સમાવિષ્ટ હોય તેવી વિગતો ધરાવતું નમૂના ૧૦માં સોગંદનામું.

૩. અન્ય બિડાણો.

નમૂનો ૨

(જુઓ નિયમ ૪ (૧))

વર્ગ-૧ના રાજપત્રિત અધિકારીએ પ્રમાણિત કરેલો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટોગ્રાફ

અરજદારના પૂર્વ-ઈતિહાસની ખરાઈ કરવા માટેનો નમૂનો

ફક્ત કચેરી ઉપયોગ માટે		
નમૂના ક્રમાંક	પોલીસ ખરાઈ માટે જેને મોકલવામાં આવેલ હોય તે પોલીસ સ્ટેશનનું નામ	તારીખ

ફીની રકમ રૂા..... ડી.ડી./બી.સી.....

બેંકનું નામ..... ડી.ડી./બી.સી નં.....

કાઢી આપ્યાની તારીખ.....

નમૂનો ભરતા પહેલાં સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવા વિનંતી. માહિતી બ્લોક લેટર્સમાં ભરવીઃ (ચેતવણીઃ કૃપા કરી ખરી માહિતી આપો. પત્રકમાં ખોટી માહિતી આપવી અથવા હકીકતલક્ષી કોઇ જાણકારી છુપાવવી એ ઉમેદવારને લાઇસન્સ આપવા માટે ગેરલાયક ઠરાવશે)

૧. અરજદારનું નામ (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)

અટક..... નામ.....

૨. તમે કયારેય તમારું નામ બદલ્યું હોય તો અગાઉનું નામ/નામો પૂરેપુરું દર્શાવો.

.....

૩. જાતિ (પુરુષ/સ્ત્રી).....

૪. જન્મતારીખ.....

૫. જન્મસ્થળઃ ગામ/નગર.....

જિલ્લો.....રાજય અને દેશ.....

૬. પિતાનું પુરુ નામ/ કાયદેસરના વાલીનું પુરુ નામ (અટક સાથે, હોય તો):(માત્ર આદ્યાક્ષર માન્ય નથી) .....
.....

૭. માતાનું પૂરું નામ (અટક સાથે, હોય તો): (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)

.....

૮. લગ્ન કરેલા હોય તો જીવનસાથીનું પુરું નામ (અટક સાથે, હોય તો): (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)

.....

૯. શેરી નંબર/પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત હાલના રહેઠાણનું સરનામું (પીનકોડ સાથે): .....
.....

ટેલિફોન નંબર/મોબાઇલ નંબર .....

૧૦. ઉપર જણાવેલ સરનામે કયારથી રહો છો તે તારીખ જણાવો.

તારીખ મહિનો વર્ષ

૧૧. શેરી નંબર/ પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત કાયમી સરનામું (પીનકોડ સાથે) :

.....

૧૨. તમે કોલમ (૯)માં આપેલા સરનામે છેલ્લા પાંચ વર્ષથી વસવાટ કર્યો ન હોય, તો વસવાટના સમયગાળા સહિત બીજું/બીજા સરનામું (સરનામા) આપવું/આપવા. તમારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વસવાટની દરેક વધારાની જગા માટે આ નમૂનાની વધારાની ફોટો નકલો રજૂ કરવી જોઈશે. નમૂનાની ફોટો નકલો હોઇ શકે છે પરંતુ ફોટોગ્રાફ અને અસલી સહી દરેક નમૂના પર જરૂરી છે.

..... થી ..... સુધી ..... થી ..... સુધી

.....

.....

૧૩. વિદેશમાં વસવાટના કિસ્સામાં, એકવીસ વર્ષની ઉમર થયા બાદ એક વર્ષથી વધુ સમય સુધી તમે જ્યાં વસવાટ કર્યો હોય તે તમામ સ્થળોની વિગતો (:)

.....

.....

૧૪. અન્ય વિગતો :

(ક) શૈક્ષણિક લાયકાતો:

(ખ) કામે રાખનારના નામ અને સરનામા સાથે અગાઉ કોઈ હોદ્દા ધરાવ્યા હોય તો, તે:

(ગ) દેખાઈ આવે તેવું ઓળખ-ચિહ્ન:

૧૫. તમે અગાઉ કોઈ ખાનગી એજન્સીનું સંચાલન કર્યું હતું અથવા તેના ભાગીદાર, મુખ્ય શેરહોલ્ડર અથવા નિયામક હતા? જો હા, તો એજન્સીનું નામ, સરનામું અને તેના લાઈસન્સની વિગતો જણાવો :

.....

.....

૧૬. તમે જન્મ/ કુળ (વંશ)/ નોંધણી (રજિસ્ટ્રેશન)/ નાગરિકીકરણથી ભારતના નાગરિક છો?

તમે બીજી કોઈ નાગરિકતા ધરાવી હોય તો, અગાઉની નાગરિકતા જણાવવી.

.....

૧૭. તમને કોઈપણ સમયે ભારતની કોર્ટ દ્વારા કોઈ ફોજદારી ગુના માટે દોષિત ઠરાવવામાં આવ્યા છે અને કેદની સજા કરવામાં આવી છે? જો તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો. (ચુકાદાની નકલ જોડવી.).

.....

૧૮. ભારતની કોઈ કોર્ટ સમક્ષ તમારી સામે કોઈપણ ફોજદારી કાર્યવાહી અનિર્ણિત છે? જો તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો :

.....

.....

.....

૧૯. સ્વ એકરાર :

આ નમૂનામાં મેં આપેલી વિગતો અને બિડાણો ખરા છે અને હું ચોકસાઈ માટે સંપૂર્ણપણે જવાબદાર છું.

તારીખ: (અરજદારની સહી/અંગૂઠાની છાપ)

સ્થળ:.....

૨૦. બિડાણો :

નમૂનો ૩

(જુઓ નિયમ ૫ (૧))

ગુજરાત સરકાર

ખાનગી સલામતી એજન્સીનું કામકાજ કરવા માટેનું લાઈસન્સ

અનુક્રમાંક .....

તારીખ .....

ખાનગી સલામતી એજન્સીનું નામ .....

શ્રી ..... (અરજદારનું નામ), ...ના પુત્ર, ... ના રહેવાસીને (પૂરું સરનામું), ગુજરાતના ..... જિલ્લા (જિલ્લાઓ)/ ગુજરાત રાજ્ય-માં (લાગુ ન પડતા શબ્દો છેકી નાખો) ..... કચેરી ખાતે (કચેરીનું સરનામું) ખાનગી સલામતી એજન્સીનું કામકાજ કરવા માટે, ... રાજ્યના નિયંત્રક અધિકારી દ્વારા લાઈસન્સ આપવામાં આવ્યું છે.

(લાઈસન્સ) કાઢી આપ્યાનું સ્થળ.....

(લાઈસન્સ) કાઢી આપ્યાની તારીખ.....

આ લાઈસન્સ ..... (તારીખ) સુધી માન્ય છે.

સહી

લાઈસન્સ આપનાર સત્તાધિકારીનું નામ

હોદ્દો

કચેરીનું સરનામું

(લાઈસન્સ) તાજું કરવા બાબત

(જુઓ નિયમ ૭ (૧))

અનુક્રમાંક	તાજું કર્યાની તારીખ	મુદત પૂરી થયાની તારીખ
૧.		
૨.		

સહી

લાઈસન્સ તાજું કરી આપનાર સત્તાધિકારીનું નામ

હોદ્દો

કચેરીનું સરનામું

નમૂનો ૪

(જુઓ નિયમ - ૯ (૧))

અપીલનો નમૂનો

અધિનિયમની કલમ ૧૪ હેઠળની અપીલ

અપીલ કરનાર .....

..... ના પુત્ર, ... ના રહેવાસી

વિરુદ્ધ

નિયંત્રક સત્તાધિકારી.....

ઉપર નામ જણાવેલ ..... ખાનગી સલામતી એજન્સી ચલાવવાનું લાઈસન્સ આપવાનો ઈનકાર કરતા/ તેને તાજું ન કરી આપતા/ તેને સ્થગિત કરતા/ તેને રદ કરતા સન ..... ના ..... મહિનાની ..... તારીખના નિયંત્રક સત્તાધિકારી હુકમની સામે સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર-ને અપીલ કરે છે અને હુકમ સામેના વાંધાના નીચેના કારણો દર્શાવે છે:-

૧.....

૨.....

૩.....

૪.....

સાથે બીડેલ દસ્તાવેજોની યાદી:-

સહી

અપીલ કરનારનું નામ અને હોદ્દો

તારીખ:

સ્થળ:

નમૂનો ૫

(જુઓ નિયમ ૧૦)

ખાનગી સલામતી રક્ષક/ સુપરવાઇઝર માટેનું ફોટો ઓળખપત્ર

(ખાનગી સલામતી એજન્સીનું નામ)

(ઓળખપત્ર) કાઢી આપનાર સત્તાધિકારીએ યોગ્ય રીતે પ્રમાણિત કરેલો (ઓળખપત્ર) ધરાવનારનો કલરનો ફોટોગ્રાફ.

નામ: .....

સત્તાવાર હોદ્દો: .....

કર્મચારી ઓળખ ક્રમાંક: .....

(ઓળખપત્ર) કાઢી આપ્યાની તારીખ: .....

..... (તારીખ) સુધી માન્ય (ગણાશે).

(ઓળખ) પત્ર ધરાવનારની સહી .....

(ઓળખપત્ર) કાઢી આપનાર સત્તાધિકારીની સહી

સરકારી સીલ.

નમૂનો ૬

(જુઓ નિયમ ૧૧)

વિગતોનું રજિસ્ટર

ભાગ ૧: સંચાલક મંડળની વિગતો

અનુક્રમાંક	સંચાલન કરતી વ્યક્તિ(ઓ)-નું/ના નામ	વાલીનું-પિતાનું નામ	હાલનું સરનામું અને ફોન નંબર	કાયમી સરનામું	રાષ્ટ્રીયતા	એજન્સીમાં જોડાયાની/ એજન્સી છોડ્યાની તારીખ

ભાગ ૨: ખાનગી સલામતી રક્ષકો અને સુપરવાઇઝર

અનુક્રમાંક	સુપરવાઇઝર/ ખાનગી સલામતી રક્ષક-નું નામ	પિતાનું નામ	હાલનું સરનામું અને ફોન નંબર	એજન્સીમાં જોડાયાની/ એજન્સી છોડ્યાની તારીખ	કાયમી સરનામું	ફોટો-ગ્રાફ	બૅજ (બિલ્લા) નંબર/ કર્મચારી ઓળખ ક્રમાંક	તારીખ સાથે પગાર
૧.								
૨.								

ભાગ ૩: ગ્રાહકો

અનુક્રમાંક	ગ્રાહકનું નામ અને ફોન નંબર	જ્યાં સલામતી પૂરી પાડવામાં આવી હોય તે સ્થળનું સરનામું	પૂરા પાડવામાં આવેલા ખાનગી સલામતી રક્ષકોની સંખ્યા અને તેમના દરજ્જા	સેવાઓના આરંભની તારીખ	સેવાઓ બંધ કર્યાની તારીખ

ભાગ ૪: ફરજ રજિસ્ટર

અનુક્રમાંક	ખાનગી સલામતી રક્ષક/ સુપરવાઈઝર-નું નામ	ફરજના સ્થળનું સરનામું	કોઈ શસ્ત્રો/ દારૂગોળો પૂરા પાડવામાં આવ્યા છે કે કેમ?	ફરજ શરૂ કર્યાની તારીખ અને સમય	ફરજ પૂર્ણ કર્યાની તારીખ અને સમય

નમૂનો ૭

(જુઓ નિયમ ૧૨ (૪))

સલામતી રક્ષક અને સુપરવાઈઝર-ના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસની ખરાઈ કરવા માટેનું પત્રક

વર્ગ-૧ના રાજપત્રિત અધિકારીએ પ્રમાણિત કરેલો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

ફક્ત કચેરી ઉપયોગ માટે		
નમૂના ક્રમાંક	પોલીસ ખરાઈ માટે મોકલવામાં આવેલા પોલીસ સ્ટેશનનું નામ	તારીખ

ફીની રકમ રૂ..... ડી.ડી./ બીસી .....

બેન્કનું નામ ..... ડી.ડી./ બીસી નંબર .....

કાઢી આપ્યાની તારીખ.....

નમૂનો ભરતા પહેલાં સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવા વિનંતી. માહિતી બ્લોક લેટર્સમાં ભરવી: (ચેતવણી: કૃપા કરી ખરી માહિતી આપો. પત્રકમાં ખોટી માહિતી આપવી અથવા હકીકતલક્ષી કોઈ જાણકારી છુપાવવી એ, ઉમેદવારને સલામતી રક્ષક અથવા સુપરવાઈઝર તરીકે કામે રહેવા માટે ગેરલાયક ઠરાવશે.).

૧. ફોટો ઓળખપત્રમાં દર્શાવવામાં આવતું હોય તે પ્રમાણે અરજદારનું નામ : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી.)

અટક ..... નામ .....

૨. તમે ક્યારેય તમારુ નામ બદલ્યું હોય તો, અગાઉના પૂરેપૂરા નામ (નામો) દર્શાવો :

.....

૩. જાતિ (પુરુષ/ સ્ત્રી) ..... ૪. જન્મતારીખ : .....

૫. જન્મસ્થળ : ગામ/ નગર.....

જિલ્લો : ..... રાજ્ય અને દેશ.....

૬. પિતાનું પૂરું નામ/ કાયદેસરના વાલીનું પૂરું નામ (અટક સાથે, હોય તો) : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી.)

.....

૭. માતાનું પૂરું નામ (અટક સાથે, હોય તો) : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી.)

.....

૮. લગ્ન કરેલા હોય તો, જીવનસાથીનું પૂરું નામ (અટક સાથે, હોય તો) : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી.)

.....

૯. શેરી નંબર/ પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત હાલના રહેઠાણનું સરનામું (પીનકોડ સાથે) :

.....

.....

૧૦. ઉપર્યુકત સરનામે કયારથી રહો છો તે તારીખ જણાવો: તારીખ મહિનો વર્ષ

.....

૧૧. શેરી નંબર/પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત કાયમી સરનામું (પીનકોડ સાથે):

.....

૧૨. તમે કોલમ (૯)માં આપેલા સરનામે છેલ્લા પાંચ વર્ષથી વસવાટ કર્યો ન હોય તો વસવાટના સમયગાળા સહિત બીજું સરનામું(સરનામા) પૂરા પાડવા. તમારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વસવાટની દરેક વધારાની જગા માટે આ નમૂનાની વધારાની ફોટો નકલો પૂરી પાડવી જાઈશે. નમૂનાની ફોટો નકલો હોઈ શકે છે, પરંતુ ફોટોગ્રાફ અને મૂળ સહી દરેક નમૂના પર જરૂરી છે.

.....થી .....સુધી .....થી .....સુધી

.....

.....

૧૩. વિદેશમાં વસવાટના કિસ્સામાં, એકવીસ વર્ષની ઉમર થયા બાદ એક વર્ષથી વધુ સમય માટે તમે જયાં વસવાટ કર્યો હોય તે સ્થળની વિગતો:

.....

.....

૧૪. બીજી વિગતો:

(ક) શૈક્ષણિક લાયકાત:

.....

.....

(ખ) કામે રાખનારના નામ અને સરનામા સાથે અગાઉ કોઈ હોદ્દા ધરાવ્યા હોય, તો તે:

.....

.....

(ગ) છેલ્લી નોકરી છોડવા માટેનું કારણ:

.....

.....

(ઘ) દેખાઈ આવે તેવું ઓળખ-ચિહ્ન:

.....

.....

(ચ) દેખાઈ આવે તેવું ઓળખ ચિહ્ન:

.....

.....

૧૫. તમે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/જાહેર ક્ષેત્રના ઉપકમ/વૈધાનિક સંસ્થામાં કામ કરો છો. હા/ના

.....

.....

૧૬. તમે જન્મ/ કુળ (વંશ)/ નોંધણી/ નાગરિકીકરણથી ભારતના નાગરિક છો? જો તમે બીજી કોઇ નાગરિકતા ધરાવી હોય તો અગાઉની નાગરિકતા જણાવવી.

.....

.....

૧૭. તમને કોઇ ફોજદારી ગુના માટે ભારતની કોર્ટમાં કોઇપણ સમયે દોષિત ઠરાવવામાં આવ્યા છે અને કેદની સજા કરવામાં આવી છે? જા તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો. (ચુકાદાની નકલ જાડવી) .....

.....

૧૮. ભારતમાં કોર્ટ સમક્ષ તમારી સામે કોઇપણ ફોજદારી કાર્યવાહી અનિર્ણિત છે? જા તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો:

.....

.....

.....

૧૯. કોઈ કોર્ટે હાજર થવા માટેનો વોરન્ટ અથવા સમન્સ કાઢ્યો છે અથવા પકડ વોરન્ટ કાઢ્યો છે અથવા ભારતમાંથી બહાર જવા માટે પ્રતિબંધિત કર્યા છે? જો તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો:

.....

.....

.....

૨૦. સ્વયં એકરાર:

આ નમૂનામાં મે આપેલી વિગતો અને બિડાણ ખરા છે અને હું ચોકસાઇ માટે સંપૂર્ણપણે જવાબદાર છું.

૨૧. મૃત્યુ અથવા અકસ્માતના પ્રસંગે જેને જાણ કરવાની હોય તેવી વ્યક્તિની વિગતો.

નામ:

સરનામું:

મોબાઈલ/ટેલિફોન નંબર .....

(અરજદારની સહી/ અંગૂઠાની છાપ)

(પુરૂષ હોય તો ડાબા હાથના અંગૂઠાની છાપ અને સ્ત્રી હોય તો જમણા હાથના અંગૂઠાની છાપ)

તારીખ:.....

સ્થળ:.....

૨૨. બિડાણ:

.....

.....

.....

(અરજદારની સહી / અંગૂઠાની છાપ)

ફક્ત કચેરીના ઉપયોગ માટે

ફાઈલ નંબર: .....

સી. એન્ડ એ. રીપોર્ટ કાઢી આપ્યાની તારીખ .....

(પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીની સહી)

પોલીસ સ્ટેશનનું નામ.....

પોલીસ જિલ્લાનું નામ.....

*વિશેષ નોંધ- ૨૬ કરેલી નોંધો લાગુ પડતી નથી.

નમૂનો-૮

(જુઓ નિયમ ૧૨(૧૨))

ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રીમાન/શ્રીમતી ..... ના પુત્ર/ પુત્રી જેની વિગતો નીચે આપવામાં આવી છે, તે નૈતિક ચારિત્ર્ય અને પ્રતિષ્ઠા ધરાવે છે અને અરજદાર છેલ્લા એક વર્ષથી સળંગ નીચેના સરનામે વસવાટ કરી રહ્યા છે.

જન્મતારીખ:

જન્મસ્થળ:

શૈક્ષણિક લાયકાત:

વ્યવસાય:

હાલનું સરનામું:

કાયમી સરનામું:

બહાર પાડનાર સત્તાધિકારીની

સહી

નામ:

હોદ્દો:

સરનામું/ટેલિફોન નંબર:

(પ્રમાણપત્ર) કાઢી આપ્યાની તારીખ

નમૂનો-૯

(જુઓ નિયમ ૨૧(૩))

તાલીમ પ્રમાણપત્ર

અનુક્રમાંક

તાલીમ એજન્સીનું નામ

તાલીમ એજન્સીનું સરનામું

લાઇસન્સ નંબર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ..... ના પુત્ર/પુત્રી .....ના રહેવાસી .....થી .....સુધી ખાનગી સલામતી રક્ષક તરીકે કામ કરવા અથવા નોકરી માટે ઠરાવેલી તાલીમ પૂર્ણ કરી છે.

તેની સહી નીચે પ્રમાણિત કરેલી છે.

પ્રમાણપત્ર ધરાવનારની સહી

કાઢી આપનાર સત્તાધિકારીની સહી

હોદ્દો

કાઢી આપ્યાનું સ્થળ:

કાઢી આપ્યાની તારીખ:

નમૂનો- ૧૦

(જુઓ નિયમ ૩(૧) અને ૭(૧))

સોગંદનામું

હું ..... શ્રીમાન/શ્રીમતી ..... ના પુત્ર, પુત્રી, વિધવા ..... ના રહેવાસી મેસર્સ ..... (પેઢી/એજન્સી/કંપનીનું નામ)નો/ની ..... (પેઢી/એજન્સી/કંપનીનું સરનામું) ખાતે માલિક છું. હું, આથી, સોગંદપૂર્વક જણાવું છું અને નીચે મુજબ જાહેર કરું છું:

૧. જુબાની આપનાર ભારતના નાગરિક છે.

૨. જુબાની આપનારની ઉંમર ૧૮ વર્ષની થઈ ગઈ છે.

૩. માલિક/ભાગીદારો/ડિરેક્ટરોની વિગતો (કૃપા કરીને બધા ભાગીદારો/ડિરેક્ટરોની વિગતો દર્શાવો) નીચે મુજબ છે:

અનુક્રમાંક	માલિક/ભાગીદારો/ડિરેક્ટરોનું નામ	પેઢી/એજન્સી/કંપનીમાં હોદ્દા (માલિક/ભાગીદાર/ડિરેક્ટર)	રહેઠાણનું સરનામું

૪. જુબાની આપનાર અથવા કોઈપણ માલિક/ભાગીદાર/ડિરેક્ટર કંપનીના ઉત્તેજન, રચના અથવા સંચાલનના સંબંધમાં (પેઢી/એજન્સી/કંપનીના સંબંધમાં તેમના દ્વારા કરવામાં આવેલ કોઈપણ છેતરપિંડી અથવા ગેરરીતિ) દેવામુક્ત ન થયેલ નાદાર સહિતના કોઈપણ ગુના માટે દોષિત ઠર્યા નથી.

૫. જુબાની આપનાર અથવા કોઈપણ માલિક/ભાગીદાર/ડિરેક્ટરને સક્ષમ અદાલત દ્વારા એવા ગુના માટે દોષિત ઠરાવવામાં આવ્યા નથી, જેના માટે બે વર્ષથી ઓછી ન હોય તેવી કેદની સજા ઠરાવવામાં આવી હોય.

૬. જુબાની આપનાર અથવા કોઈપણ માલિક/ભાગીદાર/ડિરેક્ટર-

(ક) રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર વ્યવસ્થાને જોખમ ઉભું થાય તેવી પ્રવૃત્તિઓને કારણે કોઈ કાયદા હેઠળ પ્રતિબંધિત હોય તેવી કોઈપણ એવી સંસ્થા અથવા સંગઠન સાથે સંબંધ રાખ્યા નથી.

અથવા

(ખ) રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર વ્યવસ્થા માટે પ્રતિકૂળ હોય તેવી પ્રવૃત્તિઓમાં સામેલ થયા નથી.

૭. જુબાની આપનાર અથવા કોઈપણ માલિક/ભાગીદાર/ડિરેક્ટરને ગેરવર્તણૂક અથવા નૈતિક અધ:પતનના આધારે સરકારી સેવામાંથી બરતરફ કરવામાં આવ્યા નથી અથવા દૂર કરવામાં આવ્યા નથી.

૮. પેઢી/એજન્સી/કંપની ભારતમાં નોંધાયેલ છે અને તેનો એવો કોઈ માલિક અથવા બહુમતી શેરધારક, ભાગીદાર અથવા ડિરેક્ટર નથી કે જે ભારતનો નાગરિક ન હોય.

૯. પેઢી/એજન્સી/કંપનીના જુબાની આપનાર અને તેના તમામ ભાગીદાર/ પેઢીના ડિરેક્ટર/ એજન્સી/ કંપની તેના ખાનગી સુરક્ષાકર્મીઓ અને સુપરવાઈઝરોને ઠરાવ્યા મુજબની તાલીમ અને કૌશલ્ય ઉપલબ્ધ કરાવવાનું/આપવાનું સુનિશ્ચિત કરીને ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ૨૯મા) ની કલમ ૯ ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓનું પાલન કરવું જોઈશે.

૧૦. પેઢી/એજન્સી/કંપનીના જુબાની આપનાર અને તેના તમામ ભાગીદાર/ડિરેક્ટર ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ૨૯મા) ની કલમ ૧૧ હેઠળ નિર્ધારિત લાયસન્સની નીચે મુજબની શરતો પૂર્ણ કરવી જોઈશે.

(૧) લાઈસન્સધારકે જે તાલીમ લેવાની તે ઠરાવેલી તાલીમ;

(૨) એજન્સી રચનાર વ્યક્તિ અથવા વ્યક્તિઓની વિગતો;

(૩) તેમના સરનામામાં કોઈપણ ફેરફાર, મેનેજમેન્ટમાં ફેરફાર સંબંધી નિયંત્રણ સત્તાધિકારીને વખતોવખત પૂરી પાડવામાં આવતી માહિતી અંગેની જવાબદારી;

(૪) ખાનગી સલામતી એજન્સી અથવા યથાપ્રસંગ, તેમના દ્વારા કામે રાખેલ અથવા સામેલ કરેલા ખાનગી સુરક્ષાકર્મીની ફરજો બજાવવા દરમિયાન તેમની વિરૂદ્ધ કરવામાં આવેલા કોઈપણ ફોજદારી આરોપ વિશે નિયંત્રણ સત્તાધિકારીને વખતોવખત પૂરી પાડવામાં આવતી માહિતી અંગેની જવાબદારી.

૧૧. જુબાની આપનાર વિરુદ્ધ પોલીસમાં કોઈ કેસ નોંધાયેલા નથી અથવા કાયદાની કોર્ટમાં પડતર નથી.

અથવા

જુબાની આપનાર સામે પોલીસમાં કોઈ કેસ નોંધાયેલા છે અથવા કાયદાની કોર્ટમાં પડતર છે. (વિગતો જોડવી)

૧૨. જુબાની આપનાર અને પેઢી/એજન્સી/કંપનીના તમામ ભાગીદાર/ડિરેક્ટરે, ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ (૨૦૦૫ના ૨૯મા) ની જોગવાઈઓ સાથે, લાઈસન્સની શરતો તથા ઉદ્દેશ અને ભાષામાં અને આ અધિનયમ હેઠળ રાજ્ય સરકાર/સંઘ રાજ્યક્ષેત્રના વહીવટીતંત્ર દ્વારા નિર્દિષ્ટ કરેલા સંબંધિત નિયમોનું અનુપાલન કરવું જોઈશે અને મેસર્સ.....નામ અને શીર્ષક ધરાવતી ખાનગી સલામતી એજન્સીનું સંચાલન કરતા આ અધિનિયમ હેઠળ નિમાયેલા નિયંત્રણ સત્તાધિકારી દ્વારા વખતોવખત આપવામાં આવતી સૂચનાઓનું પણ પાલન કરવું જોઈશે.

જુબાની આપનાર

ખરાઈ:- હું,..... આથી .....(તારીખ) ના રોજ સોગંદપૂર્વક જણાવું છું કે આ સોગંદનામાનું ઉપર્યુક્ત લખાણ મારી સંપૂર્ણ જાણ અને માન્યતા મુજબ ખરી અને સાચી છે અને તેમાં કંઈપણ છુપાવવામાં આવ્યું નથી.

જુબાની આપનાર

નોંધ: (૧) મુદ્દા નં. ૪ થી ૮ અધિનિયમની કલમ ૬ના અનુપાલન સાથે સંબંધિત છે.

(૨) મુદ્દા નં. ૯ અધિનિયમની કલમ ૯(૨)ના અનુપાલન સાથે સંબંધિત છે.

(૩) મુદ્દા નં. ૧૦ અને ૧૧ અધિનિયમની કલમ ૧૧ના અનુપાલન સાથે સંબંધિત છે.

(૪) લાગુ ન પડતા મુદ્દાઓને છેકી નાખવા.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.30 08:40:16 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar